सत्यमेव जयते

| | |
|---|---|
| ફાઇલ તારીખઃ | ૧૦/૦૨/૨૦૨૨ |
| દાખલ તારીખઃ | ૧૦/૦૨/૨૦૨૨ |
| ફેંસલ તારીખઃ | ૦૮/૦૫/૨૦૨૬ |
| અવધિઃ | વર્ષ–માસ–દિવસ<br>૦૪ ૦૨ ૨૮ |

**સ્પે. પોક્સો જજ અને ત્રીજા એડીશ્નલ સેસન્સ જજની કોર્ટ સમક્ષ,મુ.ભરૂચ.**

**ફોર્મ –એ**

**પોક્સો કેસ નં.૦૫/૨૦૨૨**

**આંક–૮૫**

**એફ.આઇ.આર.ની વિગતો/ગુનો અને પોલીસ સ્ટેશન.**

દહેજ મરીન પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૯૦૩૫૨૧૦૯૮૯/૨૦૨૧

**ગુનો:–** ઇ.પી.કો. કલમ– 354(A)(1)(i) ના ભંગ બદલ 354(A)(2) જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ- 7 ના ભંગ બદલ 8 મુજબ.

| | |
|---|---|
| ફરીયાદી | ધી સ્ટેટ ઓફ ગુજરાત |
| ફરીયાદ/સરકારશ્રી તરફે | વિ.એ.પી.પી.સુ.શ્રી એન.એમ.મિસ્ત્રી |
| આરોપી | રોહીતભાઇ મોહનભાઇ પાચાન્ગને<br>ઉ.વ. ૩૦, ધંધો. નોકરી<br>રહે. ૧૩/૫, બિરલા કોપર ટાઉન્શીપ, લખીગામ, તા.વાગરા, જી.ભરૂચ.<br>મુળરહે.ગામ.વર્ધનઘઢ,ખટાવ, જી.સતારા(મહારાષ્ટ્ર) |
| આરોપી તરફે | વિ. વકીલશ્રી એ.બી.સિપાઇ |

**ફોર્મ –બી**

| | |
|---|---|
| ગુનો બન્યાની તારીખ | ૧૩/૧૨/૨૦૨૧ |
| ફરીયાદની તારીખ | ૧૪/૧૨/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | ૧૦/૦૨/૨૦૨૨ |
| તહોમત ફરમાવ્યાની તારીખ | ૦૪/૧૦/૨૦૨૨ |
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૦૫/૦૪/૨૦૨૩ |
| ચુકાદો સંરક્ષીત રાખ્યાની તારીખ | ૧૨/૦૩/૨૦૨૬ |
| ચુકાદાની તારીખ | ૦૮/૦૫/૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો કોઇ હોય તો | – |

## **આરોપીની વિગત**

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે. | નિર્દોષ છોડવામાં માં આવ્યા છે કે કસુરવાર | શું સજા કરી | સીઆરપીસીની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રોહીત મોહનભાઇ પાચાન્ગને | ૧૪/૧૨/૨૦૨૧ | ૦૩/૦૩/૨૦૨૨ | ઇ.પી.કો. કલમ–354(A)(1)(i) ના ભંગ બદલ 354(A) (2) જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ- 7 ના ભંગ બદલ 8 | | | |

## **મુદામાલ**

| ક્રમ | મુદામાલ | મુદામાલનું વર્ણન |
|---|---|---|
| ૧ | – | – |

## <u>ચુકાદો</u>

**આ ચુકાદામાં જાતિય ગુનાથી બાળકોનાં રક્ષણ બાબતનાં અધિનિયમની જોગવાઈ મુજબ તેમજ નામ. ઉચ્ચ ન્યાયાલયનાં ચુકાદામાંના સિધ્ધાંત મુજબ, ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી, પરંતુ તેણીનો ''ભોગબનનાર'' એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે.**

૧. આ કામનાં ફરીયાદીની ફરીયાદ હકીકત જોવામાં આવે તો,ફરીયાદીએ તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ સાંજના છ એક વાગ્યે પોતે પોતાની નોકરી ઉપર કંપનીમાં હતા તે સમયે પોતાના ઉપર પોતાની પત્નીનો ફોન આવેલ અને પોતાને જણાવેલ કે'' તમે જલ્દી ઘરે આવો આપણી દિકરી xxx સાથે આપણા પાડોશી રોહીત પાચાન્ગનેએ ખરાબ વર્તન કરેલ છે'', જેથી પોતે તાત્કાલિક ઓફીસેથી નીકળી પોતાના રૂમ ઉપર આવેલ ત્યારે પોતાની પત્ની, પોતાની દિકરી અને પોતાનો દિકરો રડતા હતા જેથી પોતે પુછેલ કે શુ થયુ? ત્યારે પોતાની પત્નીએ પોતાને જણાવેલ કે, *'' આજે મારે અને રોહીત પાચાન્ગનેને જમવાનું બનાવવા બાબતે વાત થયેલ ત્યારે તેણે મને કહેલ કે આજે હુ ઇંડાનું શાક બનાવવાનો છુ તમે લઈ જજો જેથી મે સાંજના સાડા પાંચેક વાગ્યાના સમયે ભોગબનનાર દિકરીને તેના ઘરે ઇંડા છે કે કેમ? જો ન હોય તો અમારા ઘરે થોડા ઇંડા પડેલ છે તેને જરૂર હોય તો આપીએ તેવું પુછવા માટે મોકલેલ હતી, જેથી ભોગબનનાર દિકરી તેના ઘરે*

*પુછવા માટે ગયેલ ત્યારે આ રોહીતે ભોગબનનાર દિકરીનો હાથ પકડી,છાતીને સ્પર્શ કરી જબરદસ્તી કરી ભોગબનનાર દિકરીને કિસ કરી લીધેલ હતી. ત્યારબાદ ભોગબનનાર દિકરીએ તેને ધક્કો મારી અને તેના રૂમની બહાર નીકળી ઘરે રડતી રડતી પરત આવેલ અને મને તમામ હકીકત જણાવેલ''.* આવી હકીકત પોતાની પત્નીએ પોતાને જણાવતા પોતે તાત્કાલીક પોતાની કંપનીના એચ.આર. એડમીન અનીલ ટીપ્લે સાહેબને આ બાબતની જાણ કરતા તેઓએ એડમીન ડીપાર્ટમેન્ટના હેડ રાજેશ ઝા નાઓને મોકલેલ અને તેઓએ કંપની મેનેજમેન્ટ સાથે વાત કરી જો જરૂર જણાય તો પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ કરવા જણાવેલ અને આ બનાવ પોતાની ભોગબનનાર દિકરી ગભરાઇ ગયેલ અને તેણે પોતાને સંપુર્ણ હકીકત જણાવતા પોતે પોતાની કંપનીના સીક્યુરીટી ડીપાર્ટમેન્ટના જાસ્મીન પટેલ સાથે પોલીસ સ્ટેશન ફરીયાદ કરવા ગયેલ અને આરોપી વિરૂદ્ધ દહેજ મરીન પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં. ૧૧૧૯૯૦૩૫૨૧૦૯૮૯/૨૦૨૧ થી ઇ.પી.કો. કલમ–૩૫૪(એ) તથા પોકસો એકટની કલમ–૮ મુજબનો દાખલ થયેલ અને તપાસનાં અંતે તપાસ કરનાર અમલદારે તા.૧૦/૦૨/૨૦૨૨ ના રોજ નામ.કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરેલ જે મારા વિ. પુરોગામી ન્યાયધીશશ્રીએ સ્પે. પોકસો કેસ નં. ૦૫/૨૦૨૨ થી રજીસ્ટરે લીધેલ અને ત્યારબાદ આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થતા મારા વિ. પુરોગામી ન્યાયધીશશ્રીએ સાંભળીને આરોપી સામે ઇ.પી.કો. કલમ– ૩૫૪(એ) તથા જાતીય ગુનાઓથી

બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૮ મુજબનું આંક–૧૦ નું તહોમતનામુ તા.૦૪/૧૦/૨૦૨૨ નાં રોજ ફરમાવેલ અને આરોપીનું આંક–૧૧ નું નિવેદન લેતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવેલ.

**ફોર્મ –સી**

૨. ફરીયાદ પક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

## (એ) ફરીયાદ પક્ષ તરફે મૌખીક પુરાવો

| ક્રમ | સાહેદ નં. | સાહેદ | વિગત | આંક |
|---|---|---|---|---|
| ૧ | ૧ | ભોગબનનારના પિતા | ફરીયાદી | ૧૭ |
| ૨ | ૨ | ભોગબનનારની માતા | ભોગબનનારની માતા | ૨૦ |
| ૩ | ૩ | જયંતભાઇ ઈન્દ્રવદન કેસરી | ગુનાવાળી જગ્યાનું પંચનામું કરનાર પંચ સાહેદ | ૨૨ |
| ૪ | ૪ | રાજેશકુમાર વિભુતીભુષણ ઝા | સાહેદ | ૨૪ |
| ૫ | ૫ | જાસ્મીનભાઇ નટવરભાઇ પટેલ | સાહેદ | ૨૭ |
| ૬ | ૬ | ભોગબનનાર | ભોગબનનાર | ૨૮ |
| ૭ | ૭ | ડો. રાકેશકુમાર દમણીયાભાઇ વસાવા | પી.એચ.સી. સેન્ટર ડેરોલ ના મેડીકલ ઓફીસર કે જેઓએ આરોપીની મેડીકલ તપાસણી કરનાર ડોકટર | ૩૦ |
| ૮ | ૮ | ભગીરથસિંહ નરેન્દ્રસિંહ સગર | તપાસ કરનાર અધિકારી | ૩૨ |

| | | | | |
|---|---|---|---|---|
| ૯ | ૯ | અનીલ ગુલાબરાવ ટીપલે | સાહેદ | ૪૩ |
| ૧૦ | ૧૦ | અભિષેક ગોપાલપુરી ગોસ્વામી | ભોગબનનારની સ્કુલના પ્રિન્સીપાલ | ૪૯ |

## (બી)ફરીયાદ પક્ષે દસ્તાવેજી પુરાવા લિસ્ટ

| ક્રમ | દસ્તાવેજી પુરાવાનું વર્ણન | તારીખ | સાહેદ નંબર | આંક |
|---|---|---|---|---|
| ૧ | ફરીયાદ અસલ | તા.૧૪/૧૨/૨૦૨૧ | ૧ | ૧૮ |
| ૨ | ભોગબનનારની શાળાનું ટ્રાન્સફર સર્ટીફીકેટ ની પ્રમાણીત નકલ | સર્ટીફીકેટ ઇશ્યુ કરનાર તા.૦૪/૦૩/૨૦૨૦ ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ | ૧ | ૧૯ |
| ૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું અસલ | તા.૧૪/૧૨/૨૦૨૧ | ૩ | ૨૩ |
| ૪ | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪નું નિવેદન અસલ | તા.૨૭/૧૨/૨૦૨૧ | ૬ | ૨૯ |
| ૫ | આરોપીની સારવાર અંગે સર્ટીફીકેટ આપવા પો.સ્ટે.અમલદાર દહેજ મરીન પો.સ્ટેનાઓએ મેડીકલ ઓફીસરશ્રી કેશવાણને કરેલ ચાદી | તા.૧૪/૧૨/૨૦૨૧ | ૭ | ૩૧ |
| ૬ | પી.એચ.સી. કેશવાણના મેડીકલ ઓફીસરશ્રીએ આપેલ આરોપીનું મેડીકલ સર્ટીફીકેટ | તા.૧૪/૧૨/૨૦૨૧ | ૭ | ૩૧ –એ |
| ૭ | ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન લેવા કરેલ ચાદી અસલ | તા.૧૪/૧૨/૨૦૨૧ | ૮ | ૩૩ |
| ૮ | આરોપીનું શરીર સ્થીતીનું પંચનામું અસલ | તા.૧૪/૧૨/૨૦૨૧ | ૮ | ૩૪ |
| ૯ | આરોપીને કંપનીમાંથી ટર્મીનેટ કર્યાનો પત્ર અસલ | તા.૦૪/૦૩/૨૦૨૨ | ૯ | ૪૪ |

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦ | ભોગબનનારનું નાગપુર મહાનગરપાલીકાનું જન્મના પ્રમાણપત્રની પ્રમાણીત નકલ | ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ નોંધણી તા.૧૩/૦૩/૨૦૦૯ | ૧૦ | ૫૦ |
| ૧૧ | ભોગબનનારની શાળાનું રજીસ્ટ્રેટશન /એનરોલમેન્ટ ફોર્મ | ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ એડમીશનની તા.૦૫/૦૬/૨૦૨૦ | ૧૦ | ૫૧ |
| ૧૨ | ભોગબનનારની શાળાનું ટ્રાન્સફર સર્ટીફીકેટ ની પ્રમાણીત નકલ | સર્ટીફીકેટ ઇશ્યુ કરનાર તા.૦૪/૦૩/૨૦૨૦ ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ | ૧૦ | ૫૨ |
| ૧૩ | ભોગબનનારની શાળાનું એકેડમીક સેસન્સ ૨૦૧૯–૨૦ ધોરણ ૫નું રીપોર્ટ કાર્ડની પ્રમાણીત નકલ અને સાથે ભોગબનનારની શાળાના જનરલ રજીસ્ટરમાં ભોગબનનારની ક્રમાંક ૫૦૭૪માં એન્ટ્રી કરેલાના પાનાની પ્રમાણીત નકલ | ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૭ રીપોર્ટ કાર્ડ ઇશ્યુ કર્યાની તા.૨૭/૦૨/૨૦૨૦ | ૧૦ | ૫૩ |
| ૧૪ | ભોગબનનારનું જિલ્લો રાયગઢ, ઓરીસ્સાની શાળાનું રજીસ્ટ્રેશન કમ એડમીશન ફોર્મની પ્રમાણીત નકલ | ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ ફોર્મ ભર્યાની તા.૧૦/૦૨/૨૦૧૨ | ૧૦ | ૫૪ |

૩. ફરીયાદ પક્ષ તરફથી વિ.એ.પી.પી.સુ.શ્રીએ પુરાવો પુરો થયાની આંક–૩૫ થી પુરસીસ રજુ કરેલ ત્યારબાદ મારા વિ.પુરોગામી ન્યાયાધીશશ્રીએ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબનું વિશેષ નિવેદન લીધેલ જેમાં આરોપીએ મહંદ અંશે ઇન્કાર કરતાં

જવાબો આપેલ અને વધુમાં જણાવેલ કે, કહેવાતો કોઇ બનાવ બનેલો જ નથી, ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ છે. પોતે તદ્દન નિર્દોષ છે અને નિર્દોષ મુકત વિનંતી કરે છે, આ રીતે જણાવેલ છે અને ત્યારબાદ પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૯,૧૦થી સાહેદોને તપાસેલ છે ત્યારબાદ વિ.એ.પી.પી.સુ.શ્રીએ આંક–૫૫થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ અને ત્યારબાદ આરોપીનું વધુ વધારાનું નિવેદન લેવામાં આવેલ જેમાં આરોપીએ મહંદઅંશે ઇન્કાર કરતા જવાબો આપેલ છે અને વધુમાં જણાવેલ છે કે, પોતે કહેવાતો ગુનો કરેલ ન હોય અને પોતાની વિરૂધ્ધ ફરીયાદીએ ખોટી ફરીયાદ કરેલ છે જેથી પોતાને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરે છે.

૪. વિ.એ.પી.પી.સુ.શ્રી તરફે આંક–૭૯ અને આરોપી તરફે આંક–૩૯ અને ૬૧થી લેખીત દલીલો રજુ કરેલ છે જે ધ્યાને લીધી અને વિ.એ.પી.પી.શ્રી. તથા આરોપી તરફે વિ.વકીલશ્રીની મૌખીક દલીલ સાંભળવામાં આવી.

૫. ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તેમની દલીલમાં જણાવે છે કે,બનાવ તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ સાંજના છ વાગ્યા દરમ્યાન બનેલ છે અને આરોપી સામે આંક–૧૮ થી ફરીયાદ નોંધાયેલ અને ફરીયાદીએ પેરા નં.૧ માં જણાવ્યા પ્રમાણે ફરીયાદ નોંધાવેલ અને પેરા નં.રમાં જણાવ્યા પ્રમાણે સાહેદો તપાસેલ છે અને દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે અને ભોગબનનારની બનાવ સમયે ઉંમર ૧૧

વર્ષની હતી અને તે માટે ફરીયાદી, ભોગબનનાર તેમજ સાહેદ નં.૧૦ અભિષેક ગોપાલપુરી ગોસ્વામીએ તથા તપાસ કરનાર અધિકારીએ પુરાવો આપેલ છે અને ભોગબનનારની જન્મ તારીખ બાબતે આંક–૧૯ થી ટ્રાન્સફર સર્ટીફીકેટ રજુ કરેલ છે અને સાહેદ નં.૧૦ અભિષેક ગોપાલપુરી ગોસ્વામીએ ભોગબનનારના જન્મ તારીખના પુરાવાઓ જન્મનું પ્રમાણપત્ર, શાળા છોડયાનો દાખલો રજુ કરેલ છે અને ભોગબનનારના પિતાએ પણ તેના પુરાવામાં ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ હોવાનું જણાવેલ છે અને ભોગબનનારનું ક્રિ.પ્રો કોડની કલમ–૧૬૪ નું નિવેદન ધ્યાને લેવામાં આવે અને પંચ સાહેદ તથા અન્ય સાહેદોના પુરાવા ધ્યાને લેવામાં આવે અને પોકસો એકટની કલમ–૩૦ ધ્યાને લેતા અનુમાન પ્રોસીકયુનને મદદરૂપ થાય છે અને પ્રોસીકયુશન ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે અને ભોગબનનાર બનાવ વખતે સગીર હોવાનું પણ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે અને પ્રોસીકયુશને આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે અને આરોપીએ ઇ.પી.કો. કલમ– 354(A)(1)(i) ના ભંગ બદલ 354(A)(2) જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ- 7 ના ભંગ બદલ 8 મુજબનો ગુનો કરેલ છે તે પ્રોસીકયુશન નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે જેથી આરોપીને સખત માં સખત પુરે પુરી સજા અને દંડ કરવા વિનંતી કરે છે.

૬. આરોપી તરફે વિ.વકીલશ્રી આરોપી સામે આંક–૧૦ થી તહોમતનામું ઘડેલ હોવાનું અને આંક–૧૧ થી આરોપીની પ્લી લેતા ગુનાનો ઈન્કાર કરેલ હોવાનું જણાવે છે અને પ્રોસીકયુશને પેરા નં.ર માં જણાવેલ સાહેદો તપાસ્યાનું અને દસ્તાવેજી પુરાવા રજુ કર્યાનું જણાવે છે અને આરોપીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અને બી.એન.એસ.એસ.કલમ–૩૧૩(૧)(બી) તથા બી.એન.એસ.એસ. ની કલમ–૩૫૧(૧)(બી) હેઠળ વિશેષ નિવેદન લીધાનું જણાવે છે અને ફરીયાદીની પત્ની અને આરોપીની પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતાં હોય તેની અંગત અદાવત રાખી ખોટી ફરીયાદ કર્યાનું જણાવે છે અને ભોગબનનારના માતૃશ્રી નજરે જોનાર સાહેદ નથી, બનાવ વખતે ઘરે હતા, ફરીયાદી પણ નજરે જોનાર સાહેદ નથી, તેમજ આંક–રરના પંચ સાહેદ જયંતીભાઈ ઈન્દ્રવદનને ગુજરાતી લખતાં વાંચતા આવડતું નથી અને તેનો પુરાવો વિશ્વસનીય નથી અને આંક–ર૪ના સાહેદ રાજેશકુમારનો પુરાવો જોતાં બનાવ નજરે જોયેલ નથી તેમજ અન્ય સાહેદોએ પણ બનાવ નજરે જોયેલ નથી, તપાસ કરનાર અધિકારીએ ટાઉનશીપમાં હાજરી રજીસ્ટર કબજે કરેલ નથી, ટાઉનશીપના કેમેરા કબજે કરેલ નથી અને ફરીયાદી જણાવે છે કે, આરોપીને બનાવના દિવસે છ વાગ્યા સુધી ટાઉનશીપમાં જોયેલ નહીં, કોઈ મેડીકલ પુરાવાનું સમર્થન નથી, ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૩,૪ મુજબ કોઈ હકીકત પુરવાર થતી નથી, પ્રોસીકયુશનના પુરાવા સચોટ અને નકકર નથી, સાહેદોનો પુરાવો વિશ્વસનીય નથી, તેમજ સાહેદ

નં.૯ અનીલ ગુલાબરાવ ટીપલેનો પુરાવો જોવામાં આવે તો, તેને કોઇ અંગત જ્ઞાન નથી, નોકરીમાંથી આરોપીને ટર્મીનેટ કરવા માટે બનાવટી ઉપજાવી કાઢેલ ફરીયાદ કરેલ છે અને તપાસ કરનાર અધિકારીએ ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર કબજે કરેલ નથી કે જન્મની નોંધણી કરનારનું નિવેદન લીધેલ નથી, સ્કુલના પ્રિન્સીપાલનું નિવેદન લીધેલ નથી અને સાહેદ નં.૯ અનીલ ગુલાબરાવ ટીપલે સાથે એફ.આઇ.આર.ના એક દિવસ પહેલા ફરીયાદીને વાત થયેલી તેવું આઇ.ઓ. કબુલ કરે છે અને બનાવના દિવસે શ્રી ટીપલેનું નિવેદન લીધેલ નથી અને એફ.આઇ.આર પુર્વ આયોજીત પ્લાન ઘડીને ખોટી દાખલ કરેલ છે, ભોગબનનારની જન્મ તારીખ પુરવાર થતી નથી, ઉંમર પુરવાર થતી નથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરે છે.

૭. આ કામમાં ઉપરોકત રજુઆતના અનુસંધાને મારા ન્યાયી નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થીત થયેલ છે.

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે, બનાવ વખતે ભોગબનનાર ૧૮ વર્ષથી નીચેની ઉંમરના અને સગીર વયની ઉંમરના હતા અને ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ ની છે ?

૨. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરાવાર કરે છે કે, તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ કલાક ૧૭.૩૦ થી ૧૮.૦૦ દરમ્યાન બનાવવાળી જગ્યાએ બનાવવાળા સમયે આરોપીના ઘરે

ભોગબનનાર ઈંડા આરોપીને જોઇએ છે તે પુછવા માટે આવતા આરોપીએ ભોગબનનારને ફ્રીઝ ખોલી જોઈ લે તે કહેતા ભોગબનનાર આરોપીના ઘરમાં ફ્રીઝમાં ઈંડા જોવા ગયેલ અને તે વખતે આરોપીએ જાતીય ઈરાદાથી ભોગબનનારનો સંપર્ક કરેલ અને ભોગબનનારને સ્પર્શ કરીને ભોગબનનારની લાજ લેવાના ઈરાદે આરોપીએ ભોગબનનારનો હાથ પકડેલ અને છાતીના ભાગે ભોગબનનારને સ્પર્શ કરેલ અને જબરજસ્તીથી ભોગબનનારને કીસ કરી તે રીતે આરોપીએ ઈરાદાપુર્વક ભોગબનનારની જાતીય સતામણી કરેલ અને ભોગબનનાર સગીર છે, તેવું જાણવા છતાં પણ આરોપી ભોગબનનાર સાથે આ ગુનાહીત કૃત્ય કરેલ અને ભોગબનનાર ઉપર તે રીતે જાતીય હુમલો પણ કરેલ તે રીતે આરોપીએ ઈ.પી.કો. કલમ– 354(A)(1)(i) ના ભંગ બદલ 354(A)(2) જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ- 7 ના ભંગ બદલ 8 મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

૮. ઉપરોકત મુદાઓના મારા ન્યાયી નિર્ણય નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. હકારમાં

૩. આખરી હુકમ મુજબ.

**મુદા નં.૧ અને ૨:–**

૯. ઉપરોકત મુદા અંગે જોવામાં આવે અને ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ની હોવાનું અને ભોગબનનાર બનાવ વખતે ૧૮ વર્ષથી નીચેની ઉંમરની સગીર હોવાનું પુરવાર કરવાનો બોજો પ્રોસીકયુશન ઉપર છે, તે ઘ્યાને રાખી રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં, પ્રોસીકયુશન તરફે આંક– ૧૭ થી સાહેદ નં.૧ તરીકે ભોગબનનારના પિતાને તપાસેલ છે, આ સાહેદ તેના પુરાવામાં પોતાના કુટુંબમાં પોતાની પત્ની, એક દિકરો, દિકરી હોવાનું અને પોતે નોકરી કરતાં હોવાનું અને તે કંપનીનું નામ અને પોતાની પોસ્ટ જણાવે છે અને દિકરાની ઉંમર ૧૦ વર્ષ તેમજ ભોગબનનાર દિકરીની ઉંમર ૧૪ વર્ષની હોવાનું અને બંને દિકરો, દિકરી જે સ્કુલમાં અભ્યાસ કરે છે તેનું નામ જણાવે છે અને ભોગબનનાર હાલ ધોરણ ૯માં અભ્યાસ કરે છે અને જયારે બનાવ બન્યો ત્યારે ધોરણ ૭માં ભોગબનનાર અભ્યાસ કરતી હતી અને ભોગબનનારની જન્મ તા.૦૫/૦૩/૨૦૦૯ ની છે તેમ જણાવે છે બનાવ તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ બન્યાનું તેના પુરાવામાં જણાવે છે અને આ સાહેદ તેના પુરાવામાં આંક–૧૮ થી ફરીયાદ રજુ કરે છે અને તેમાં પોતાની સહી હોવાનું જણાવે છે અને ફરીયાદ સાથે પોલીસની માંગણીથી ભોગબનનારનું અગાઉની સ્કુલનું ટ્રાન્સફર સર્ટીફીકેટની નકલ જેના કોલમ નં.૪માં ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ની હોવાનું જણાવે છે અને તે સાચી હોવાનું જણાવે છે અને તે ટ્રાન્સફર સર્ટીફીકેટ ફરીયાદ સાથે આપેલ જે આંક–૧૯ થી રજુ હોવાનું જણાવે છે.

૯.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલી છે જેમાં ભોગબનનારની ઉંમર કે જન્મ તારીખ આરોપી તરફે પડકારવામાં આવેલ નથી.

૧૦. પ્રોસીકયુશન તરફે આંક–૨૦ થી સાહેદ નં.૨ તરીકે ભોગબનનારના માતૃશ્રીનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, બનાવ તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ બનેલાનું જણાવે છે અને પોતાના પતિએ બનાવની ફરીયાદ આપેલ, આ સાહેદની સરતપાસ અને ઉલટતપાસનો પુરાવો જોતાં તેમાં ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર જણાવેલ નથી.

૧૧. ઉપરોકત હકીકતે પ્રોસીકયુશન તરફે આંક–૨૨ થી સાહેદ નં.૩ તરીકે જયંતભાઇ ઇન્દ્રવદન કેસરીને તપાસેલ છે, આ સાહેદ આંક–૨૩ ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ છે આ સાહેદના પુરાવામાં પણ ભોગબનનારની ઉંમર કે જન્મ તારીખ જણાવેલ નથી.

૧૨. ઉપરોકત હકીકતે પ્રોસીકયુશન તરફે આંક–૨૪ થી સાહેદ નં.૪ તરીકે રાજેશકુમાર વિભુતીભુષણ ઝા નો પુરાવો થયેલ છે, આ સાહેદ ફરીયાદી જે કંપનીમાં નોકરી કરે છે તે જ કંપનીમાં એ.જી.એમ. એડમીન તરીકે ફરજ બજાવે છે, આ સાહેદના પુરાવામાં ભોગબનનારની ઉંમર કે જન્મ તારીખ બાબતે પુરાવો આવતો નથી.

૧૩. ઉપરોકત હકીકતે પ્રોસીકયુશન તરફે આંક–૨૭ થી સાહેદ નં.પ તરીકે જાસ્મીનભાઇ નટવરભાઇ પટેલનો પુરાવો થયેલ છે, આ સાહેદ, ફરીયાદી જે કંપનીમાં ફરજ બજાવતા હતા તે કંપનીમાં ૨૦૧૩ થી ૨૦૨૧ સુધી સીકયુરીટી ઓફીસર તેમજ કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતાં હતા, આ સાહેદનો પુરાવો જોવામાં આવે તો, તેમાં ભોગબનનારની ઉંમર કે જન્મ તારીખ બાબતે તેઓ પુરાવામાં જણાવતા નથી.

૧૪. ઉપરોકત હકીકતે પ્રોસીકયુશન તરફે આંક–૨૮ થી સાહેદ નં.૬ તરીકે ભોગબનનારને તપાસવામાં આવેલ છે, આ ભોગબનનારનો પુરાવો જોતાં, પોતાની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ ની હોવાનું અને પોતાની સાથે તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ બનાવ બનેલ અને બનાવ બન્યો ત્યારે પોતે ધોરણ સાતમાં અભ્યાસ કરતાં તે સ્કુલનું નામ જણાવે છે અને પોતે જુબાની આપે ત્યારે પોતાની ઉંમર ૧૪ વર્ષની જણાવે છે અને પોતે દસમાં ધોરણમાં અભ્યાસ કરે છે અને પોતાના કુટુંબમાં મમ્મી અને નાનો ભાઇ હોવાનું જણાવે છે અને પોતાનો ભાઇ ધોરણ ૮માં અભ્યાસ કરે છે અને આ સાહેદ તેના પુરાવામાં પોતાનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું નિવેદન આંક–૨૯ થી રજુ કરે છે અને કોર્ટમાં પોતે તે જવાબ લખાવ્યાનું જણાવે છે અને તે ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું આંક–૨૯ નું નિવેદન જોવામાં આવે તો,

ભોગબનનારે તેમાં પણ પોતાની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ ની વિ.પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ શ્રી વાગરા સમક્ષ તા.૨૭/૧૨/૨૦૨૧ના નિવેદનમાં જણાવે છે અને ધોરણ–૭માં ભણતી હોવાનું અને સ્કુલનું નામ જણાવે છે અને ભાઇ ધોરણ ૫માં ભણે છે તેવું પણ નિવેદનમાં જણાવે છે અને આ ભોગબનનાર સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે તે ઉલટતપાસ જોતાં તેમાં ભોગબનનારની ઉંમર કે જન્મ તારીખ આરોપી તરફે પડકારવામાં આવેલ નથી.

૧૫. ઉપરોકત હકીકતે પ્રોસીકયુશન તરફે આંક–૩૦ થી સાહેદ નં.૭ તરીકે ડો. રાકેશકુમાર દમણીયાભાઇ વસાવાનો પુરાવો થયેલ છે, આ સાહેદે આરોપીની મેડીકલ તપાસ કરેલ છે, આ સાહેદના પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર બાબતે તેઓએ જણાવેલ નથી.

૧૬. ઉપરોકત હકીકતે પ્રોસીકયુશન તરફે આંક–૩૨ થી સાહેદ નં.૮ તરીકે ભગીરથસિંહ નરેન્દ્રસિંહ સગરનો પુરાવો થયેલ છે, આ સાહેદ તપાસ કરનાર અધિકારી છે, આ સાહેદ પોતાની તપાસ અંગે પુરાવો આપે છે, આ સાહેદ તેના પુરાવામાં ભોગબનનારના જન્મનો પુરાવો, ટ્રાન્સફર સર્ટીફીકેટ તેમજ આધાર કાર્ડ મેળવી કામે સામેલ રાખેલ, તેમજ ભોગબનનારનું ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪ નું નિવેદન લેવડાવવા

આંક–૩૩ થી યાદી કર્યાનું અને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪નું નિવેદન લેવડાવેલાનું જણાવે છે, ચાર્જશીટ કર્યાનું જણાવે છે.

૧૬.૧. આ સાહેદની આરોપીના વિ.વકીલશ્રીએ ઉલટતપાસ કરેલ છે અને રીકોલ કર્યા બાદ પણ ઉલટતપાસ કરેલ છે અને ઉલટતપાસમાં સાહેદ કબુલ કરે છે કે, ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર કબજે કરેલ નથી અને સ્વેચ્છાએ જણાવે છે કે, ભોગબનનારના જન્મનો પુરાવો તપાસના કામે સામેલ રાખેલ છે. કબુલ કરે છે કે, ભોગબનનારની જન્મની નોંધણી કરનારનું નિવેદન લીધેલ નથી અને સ્કુલના પ્રીન્સીપાલનું નિવેદન લીધેલ નથી અને સાહેદ સ્કુલનું નામ જણાવે છે.

૧૭. ઉપરોકત હકીકતે પ્રોસીકયુશન તરફે આંક–૪૩થી સાહેદ નં.૯ તરીકે અનીલ ગુલાબરાવ ટીપલેને તપાસેલ છે, આ સાહેદ, ફરીયાદી જયાં નોકરી કરે છે તે કંપનીના એચ.આર.હેડ છે, આ સાહેદનો પુરાવો જોતાં, તેમાં ભોગબનનારની જન્મ તારીખ કે ઉંમર બાબતે તે પુરાવામાં કાંઇ જણાવતા નથી.

ઉપરોકત સાહેદોના વિશેષ પુરાવાની ચર્ચા મુદા નં.ર બાબતે વિશેષ ચર્ચા કરવામાં આવશે ત્યારે કરવામાં આવશે.

૧૮. ઉપરોકત હકીકતે પ્રોસીકયુશન તરફે આંક–૪૯ થી સાહેદ નં.૧૦ તરીકે અભિષેક ગોપાલપુરી ગોસ્વામીને તપાસેલ છે, આ સાહેદ સ્કુલમાં પ્રિન્સીપાલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, તે તેના પુરાવામાં

પોતે ડીસેમ્બર ૨૦૨૪ થી જે સ્કુલમાં પ્રિન્સીપાલ છે તેનું નામ જણાવે છે અને ત્યાં ભોગબનનાર છઠ્ઠા ધોરણથી ભણતી હતી અને ભોગબનનારનું જન્મનું પ્રમાણપત્ર જોઈને કહે છે કે, તેમાં ભોગબનનારની જન્મ તા.૦૭ માર્ચ ૨૦૦૯ છે અને તે સર્ટીફીકેટની પ્રમાણીત નકલમાં પોતાની સહી અને સ્ટેમ્પ હોવાનું ઓળખી બતાવી આંક–૫૦ થી રજુ કરે છે, તેમજ આંક–૫૧ થી પોતાની સ્કુલનું એનરોલમેન્ટ ફોર્મ રજુ કરે છે, જેમાં ભોગબનનારની જન્મ તારીખ લખેલ છે અને એનરોલમેન્ટ ફોર્મ ૫ જુન ૨૦૨૦ના રોજ ભોગબનનારના પૈરેન્ટસએ આપેલ, તેની પ્રમાણીત કોપીમાં પોતાની સહી તથા સીકકો હોવાનું જણાવે છે, તેમજ આંક–૫૨ થી ભોગબનનારનું ટ્રાન્સફર સર્ટીફીકેટની પ્રમાણીત નકલ રજુ કરે છે, જેમાં ભોગબનનારની જન્મ તા.૦૭ માર્ચ ૨૦૦૯ લખેલ હોવાનું અને આ ટ્રાન્સફર સર્ટીફીકેટ ભોગબનનાર અગાઉ જે સ્કુલમાં અભ્યાસ કરતી હતી ત્યાંથી લઈને આવેલ હોવાનું જણાવે છે અને આ ટ્રાન્સફર સર્ટીફીકેટની પ્રમાણીત નકલમાં પોતાનો સહી સીકકો હોવાનું જણાવે છે, તેમજ આંક–૫૩ થી માર્ક શીટની પ્રમાણીત નકલ તેમજ જનરલ રજીસ્ટરની પ્રમાણીત નકલ રજુ કરે છે અને જે ભોગબનનારની લાસ્ટ સ્કુલની માર્કશીટ હોવાનું અને જેમાં ભોગબનનારની જન્મ ૦૭ માર્ચ ૨૦૦૯ લખેલ હોવાનું અને તે એકડમીક વર્ષ ૨૦૧૯–૨૦૨૦ની હોવાનું જણાવે છે અને તે બાદ ભોગબનનાર પોતાની સ્કુલમાં ટ્રાન્સફર થઈને આવેલ તે પ્રમાણીત નકલમાં પોતાની સહી અને સીકકો હોવાનું

જણાવે છે અને જે આંક–૫૨ના ટ્રાન્સફર સર્ટીફીકેટ સાથે રજુ કરેલ હોવાનું જણાવે છે અને આંક–૫૩ થી જ પોતાની સ્કુલના જનરલ રજીસ્ટરની પ્રમાણીત નકલ રજુ કરે છે જેમાં ભોગબનનારનું નામ ક્રમાંક ૫૦૮૪, કોલમ નં.૧ માં દર્શાવેલ હોવાનું તેમજ ભોગબનનારનું માતા–પિતાનું નામ લખેલ હોવાનું તેમજ ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ લખેલ હોવાનું અને કોલમ નં.૬માં ભોગબનનારની આગલી સ્કુલનું નામ લખેલ હોવાનું જણાવે છે અને તે પ્રમાણીત નકલ હોવાનું તેમાં પોતાનો સહી સીકકો હોવાનું જણાવે છે, તેમજ આંક–૫૪ થી ભોગબનનારે પ્લે સ્કુલમાં એડમીશન લીધેલ તેનું ફોર્મ હોવાનું, તેમાં જન્મ તા.૦૭ માર્ચ ૨૦૦૯ હોવાનું અને તે ફોર્મ ભોગબનનારના પૅરેન્ટસે ભરીને આપેલ અને તેમાં ભોગબનનારના પૅરેન્ટસના હસ્તાક્ષર છે અને તે ફોર્મ ભોગબનનારની સ્કુલમાંથી મંગાવેલ અને તેની પ્રમાણીત નકલ છે, તેના ઉપર પોતાની સહી અને સીકકો હોવાનું જણાવે છે અને ઓળખી બતાવે છે અને ભોગબનનારે આ સાલ પોતાની સ્કુલમાંથી પાસ કર્યાનું જણાવે છે.

૧૮.૧. આ સાહેદની ઉલટતપાસ જોતાં, પોલીસે પોતાને નિવેદન માટે કયારેય બોલાવેલ નથી, કબુલ કરે છે કે, કોર્ટમાં પહેલીવાર જુબાની દેવા આવેલ છે, આ કેસ બાબતે પોતાને પોલીસ થાણામાં જવાનું બનેલ નહીં. કબુલ કરે છે કે, પોતે જે દસ્તાવેજો રજુ કરેલ છે તેની એન્ટ્રી બાબતે પોતાને કોઈ અંગત જ્ઞાન નથી અને સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, રેકર્ડ જોઈને પોતે જુબાની આપે છે,આંક–૫૦ કયાં

આધારે બનાવેલ છે તેનું પોતાને અંગત જ્ઞાન નથી. પોતે ખોટી જુબાની આપતા હોવાનો ઇન્કાર કરે છે.

૧૯. ઉપરોકત પુરાવા ધ્યાને લેવામાં આવે અને આ કામે પ્રોસીકયુશન તરફે આંક–૧૮ ની ફરીયાદ રજુ થયેલ છે, તેમાં ભોગબનનારની ઉંમર ૧૨ વર્ષ અને ૯ મહીના દર્શાવેલ છે અને તે ધોરણ ૭માં અભ્યાસ કરતી હોવાનું અને બનાવ તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ બનેલ હોવાનું જણાવે છે અને આ કામે ફરીયાદીના આંક–૧૭ના સાહેદ નં.૧ ના પુરાવામાં જુબાનીના દિવસે ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષની હોવાનું જણાવે છે અને બનાવ વખતે ધોરણ ૭માં ભણતી હતી તે જણાવેલ છે અને આ સાહેદ કે જે ભોગબનનારના પિતા છે તે ભોગબનનારની જન્મ તારીખ તેના મૌખીક પુરાવામાં તા.૦૫/૦૩/૨૦૦૯ જણાવે છે, પરંતુ ત્યારબાદ સરતપાસમાં જ તે ભોગબનનારનું જન્મ તારીખ દર્શાવતું સ્કુલનું ટ્રાન્સફર સર્ટીફીકેટ જોઇને તેમાં ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ ની હોવાનું જણાવી ટ્રાન્સફર સર્ટીફીકેટ આંક–૧૯ થી રજુ કરે છે અને તે ફરીયાદ સાથે રજુ કર્યાનું જણાવે છે અને પ્રોસીકયુશનના સાહેદ નં.૧૦ તેના આંક–૪૯ના પુરાવામાં ભોગબનનારના જન્મ તારીખના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેમાં આંક–૫૦ થી ભોગબનનારના જન્મ પ્રમાણપત્રની પ્રમાણીત નકલ રજુ કરેલ છે, જે જન્મ પ્રમાણપત્ર જોવામાં આવે તો નાગપુર મહાનગરપાલીકા નું છે, તેમાં ભોગબનનારની જન્મ તા.૦૭ માર્ચ

૨૦૦૯ દર્શાવેલ છે તેમજ જન્મ સ્થળ નર્સીંગ હોમના નામ સાથે દર્શાવેલ છે, તેમજ માતા અને પિતાનું નામ દર્શાવેલ છે તેમજ રજીસ્ટ્રેશન નંબર દર્શાવેલ છે તેમજ નોંધણી તા.૧૩ માર્ચ ૨૦૦૯ દર્શાવેલ છે, ભોગબનનારનું નામ દર્શાવેલ છે અને નાગપુર મ્યુનીસીપલ કોર્પોરેશને તા.૨૯/૦૪/૨૦૦૯ના રોજ ઈશ્યુ કરેલ છે, તેમજ આંક–૫૧ થી ભોગબનનારનું સ્કુલમાં એડમીશન લેતી વખતનું ફોર્મની પ્રમાણીત નકલ રજુ થયેલ છે, જેમાં ભોગબનનારના પિતાની સહી હોવાનું દર્શાવેલ છે, તેમજ તેમાં ભોગબનનારનું જન્મ સ્થળ નાગપુર, તેમજ માતૃ ભાષા મરાઠી,નેશાનાલીટી ઓફ ચાઈલ્ડમાં ઈન્ડીયન, રીલીજીયન–હિન્દુ, માતાની વિગત, જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ તેમજ એડમીશન નં.૨૦૨૦૫૦૮૪ અને ડેટ ઓફ એડમીશન તા.૦૫/૦૬/૨૦૨૦ દર્શાવેલ છે, તે ફોર્મ ૬ પાનાનું ફોર્મ છે, તેમજ આંક–૫૨ થી ભોગબનનારના ટ્રાન્સફર સર્ટીફીકેટની પ્રમાણીત નકલ રજુ થયેલ છે તેમાં પણ ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ દર્શાવેલ છે, તેમજ આંક–૫૩ થી માર્કશીટ પ્રમાણીત નકલ રજુ છે જેમાં ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ દર્શાવેલ છે, તેમજ આંક–૫૩ થી ભોગબનનારની સ્કુલનું જનરલ રજીસ્ટરની પ્રમાણીત નકલ રજુ છે જેમાં રજીસ્ટર ક્રમાંક ૫૦૮૪ ઉપર ભોગબનનારની નોંધ છે અને તેમાં ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ દર્શાવેલ છે, તેમજ આંક–૫૪ થી રજીસ્ટ્રેશન કમ એડમીશન ફોર્મની પ્રમાણીત નકલ રજુ

થયેલ છે જે ભોગબનનારના પેરેન્ટસે તા.૧૦/૦૨/૨૦૧૨ના રોજ ભરેલ છે અને તેમાં ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ દર્શાવેલ છે અને સ્કુલનું નામ પણ દર્શાવેલ છે અને ભોગબનનારનું સ્કુલમાં પ્રથમ એડમીશન ફોર્મ હોય તે ફોર્મ અને પુરાવો જોતાં જણાય છે અને આંક-૧૯ થી પણ ભોગબનનારના ટ્રાન્સફર સર્ટીફીકેટની નકલ રજુ થયેલ છે જેમાં પોલીસ ઇન્સ્પેકટરની ઓફીસનો સીકકો છે પરંતુ ટ્રાન્સફર સર્ટીફીકેટ નકલ છે, પરંતુ જે ઉપરોકત ભોગબનનારના જન્મ તારીખ દર્શાવતા દસ્તાવેજો જે રજુ થયેલ છે તે પ્રમાણીત નકલો છે, જેથી આંક-૧૯ માત્ર નકલ રજુ થવાથી પ્રોસીકયુશનના કેસને કોઇ વિરૂધ્ધની અસર થતી નથી જેથી જે ઉપરોકત પ્રમાણીત નકલો દસ્તાવેજની નકલ રજુ થયેલ છે તે જોતાં ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ હોવાનું તેમાં દર્શાવેલ છે અને આંક-૫૦ નો નાગપુર મહાનગરપાલીકાનો ભોગબનનારનો જન્મનો દાખલો છે જેમાં પણ ભોગબનનારની જન્મ તા.૦૭ માર્ચ ૨૦૦૯ દર્શાવેલ છે તેમજ આંક-૫૧ અને આંક-૫૪ થી ભોગબનનારને સ્કુલમાં દાખલ કરતી વખતે એડમીશન ફોર્મ જે ભોગબનનારના પિતાએ ભરેલા છે તે પુરાવો જોતાં જણાય છે અને આ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેના દસ્તાવેજોમાં ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ દર્શાવેલ છે અને ભોગબનનાર સાહેદ નં.૬ પણ તેના પુરાવામાં પોતાની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ની હોવાનું જણાવે છે અને જુવેનાઇલ જસ્ટીસ(કેર એન્ડ પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન એકટ) ૨૦૧૫ ની

કલમ–૯૪ ની જોગવાઇ જોવામાં આવે તો, કલમ–૯૪માં જણાવેલ છે કે, “94. Presumption and determination of age. – (1) Where, it is obvious to the Committee or the Board, based on the appearance of the person brought before it under any of the provisions of this Act (other than for the purpose of giving evidence) that the said person is a child, the Committee or the Board shall record such observation stating the age of the child as nearly as may be and proceed with the inquiry under section 14 or section 36, as the case may be, without waiting for further confirmation of the age.

(2) In case, the Committee or the Board has reasonable grounds for doubt regarding whether the person brought before it is a child or not, the Committee or the Board, as the case may be, shall undertake the process of age determination, by seeking evidence by obtaining –

(i) the date of birth certificate from the school, or the matriculation or equivalent certificate from the concerned examination Board, if available; and in the absence thereof;

(ii) the birth certificate given by a corporation or a municipal authority or a panchayat;

(iii) and only in the absence of (i) and (ii) above, age shall be determined by an ossification test or any other latest medical age determination test conducted on the orders of the Committee or the Board:

Provided such age determination test conducted on the order of the Committee or the Board shall be completed within fifteen days from the date of such order.

(3) The age recorded by the Committee or the Board to be the age of person so brought before it shall, for the purpose of this Act, be deemed to be the true age of that person.”

ઉપરોકત જોગવાઈને ધ્યાને લેવામાં આવે તો, જે.જે.એકટની કલમ–૯૪(૨)(ii) ધ્યાને લેતા મહાનગર પાલીકાએ આપેલો જન્મનો દાખલો ધ્યાને લઈ શકાય અને જે.જે.એકટની કલમ–૯૪(૨)(i) ની જોગવાઈને સાથે ધ્યાને લેતા અને સાહેદ નં.૧૦ જે સ્કુલમાં પ્રિન્સીપાલ છે તેણે ભોગબનનારને જન્મ તારીખ દર્શાવતા દસ્તાવેજો રજુ કરેલ છે, જેમાં આંક–૫૧ થી ભોગબનનારના પિતાએ ભોગબનનારના એડમીશન વખતે ભરેલ ફોર્મ, આંક–૫૨ થી ટ્રાન્સફર સર્ટીફીકેટ, આંક–૫૩ થી માર્કશીટ અને જનરલ રજીસ્ટર, આંક–૫૪ થી એડમીશન ફોર્મ રજુ કરેલ છે જે સ્કુલના દસ્તાવેજો છે અને તે દસ્તાવેજો ધ્યાને લેતા અને સાહેદ નં.૧૦નો પુરાવો ધ્યાને લેતા ઉપરોકત જે.જે.એકટની કલમ–૯૪(૨)(i) મુજબ આ દસ્તાવેજો જન્મ તારીખના પુરાવા તરીકે ધ્યાને લઈ શકાય તેવા છે અને બોમ્બે પ્રાઈમરી એજયુકેશન રૂલ્સ ૧૯૪૯ના રૂલ ૧૩૦ જોવામાં આવે તો, તેમાં જણાવેલ છે કે,

Rule 130 : Age Certificate : Every child seeking admission for the first time into an approved school shall produce a certificate of age signed by its parent. In the case of illiterate parents, the certicates shall bear their thumb impression attested by a literate person other than a teacher of the school to which the child seeks admission. The date of birth given in this certicate shall be entered in the school (General) Register. No

subsequent change or alteration therein shall be made except with the sanction of the School Board Chairman. In the case of transfer of pupils from one place to another, the age given in the leaving certificate shall be entered in the register of the new school.

૧૯.૧. આ ઉપરોકત જોગવાઈને સાથે ધ્યાને લેવામાં આવે તો, ભોગબનનારના પિતાએ આંક–૫૧ અને આંક–૫૪ થી જે એડમીશન ફોર્મ ભોગબનનારને સ્કુલમાં બેસાડતી વખતે ભરેલ છે અને તેમાં ભોગબનનારની જન્મ તારીખ પણ દર્શાવેલ છે અને આંક–૫૧માં ભોગબનનારના પિતાએ ડેકલેરેશન પણ આપેલ છે અને તેમાં જન્મ તારીખ ખરી હોવા બાબતે પણ ડેકલેરેશન આપેલ છે તે રીતે એજ સર્ટીફીકેટ આપ્યાનું કહેવાય તે જોતાં તેમજ આંક–૫૪ના ફોર્મમાં પણ જે ફોર્મમાં માહિતી આપેલ છે તે બાબતે પણ ડેકલેરેશન આપેલ છે તે હકીકતને પણ સાથે ધ્યાને લેતા અને ઉપરોકત નિયમ ૧૩૦ ને ધ્યાને લેતા જે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેના સ્કુલના દસ્તાવેજો ભોગબનનારની જન્મ તારીખ બાબતેના છે તેને ધ્યાને લેવામાં આવે અને પુરાવા કાયદાની કલમ–૩૫ તથા ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે જે.જે.એકટની કલમ–૯૪(૨)(i)ની જોગવાઈ જોતાં, ઉપરોકત ચર્ચા કરેલ દસ્તાવેજો જે સ્કુલના છે તેને ભોગબનનારની જન્મ તારીખના પુરાવા માટે ધ્યાને લઈ શકાય તેવા છે અને આંક–૫૦ થી નાગપુર મહાનગરપાલીકાએ ઈશ્યુ કરેલ જન્મની પ્રમાણીત નકલ પણ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે પુરાવામાં ધ્યાને લઈ શકાય તેમ છે, ભોગબનનારના પિતા તેના મૌખીક પુરાવામાં ભોગબનનારની જન્મ

તારીખ પહેલા તા.૦૫/૦૩/૨૦૦૯ જણાવે છે પરંતુ ત્યારબાદ ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ની જણાવે છે અને તા.૦૭/૦૩/૨૦૦૯ની જન્મ તારીખ જે મૌખીક પુરાવામાં જણાવે છે તેને ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેના દસ્તાવેજી પુરાવાથી સમર્થન મળે છે અને ભોગબનનારના પિતા સાહેદ નં.૧ તેના પુરાવામાં માત્ર જન્મ તા.૦૫/૦૩/૨૦૦૯ એકવાર બોલવાથી અન્ય પડેલ પુરાવો જોતાં અને કરેલ ચર્ચા જોતાં પ્રોસીકયુશનના કેસને વિરૂધ્ધની અસર થતી નથી, જેથી કરેલ ચર્ચા અને પુરાવો જોતાં અને આરોપી તરફે ભોગબનનારની જન્મ તારીખ ઉંમર પડકારવામાં આવતી નથી તે ધ્યાને લેતા અને નામ.સુપ્રીમ કોર્ટનું એ.આઇ.આર. ૨૦૦૯ એસ સી (સપ્લી) પાના પર૮ ઉપરનો સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર વિ. ગજાનંદ ઉર્ફે હેમંત જર્નાદન વાનખેડેનો ચુકાદો જોતાં તેમાં જણાવેલ છે કે, 5. Undisputedly, the school records revealed the date of birth of the victim to be 4.6.1976. This was the position as indicated in the school leaving certificate (Exh.25) and the school register. The High Court noted that in the school register the date of birth was indicated to be 4.6.1976. It also noticed that the father of the victim stated that the girl was 14 years old. The High Court held that the correct date of birth is not recorded and only the school leaving certificate indicated that the date of birth of the victim was 4.6.1976. The evidence of the witnesses indicated that the entry was made on the basis of the horoscope. The High Court held that since the horoscope was not produced the prosecution has failed to establish its case. No reason has been indicated by the High Court to discard the documentary

evidence produced i.e. school leaving certificate and the school register. The Headmaster of the school also deposed and produced the records before the trial Court. The High Court held that the entry in the school register was not in the handwriting of the Headmaster and he could not have deposed about the date of birth. There was no basis for the High Court to conclude that the entry cannot be taken to be above suspicion. On the basis of the evidence of the Headmaster and the original school leaving certificate and the school register which were produced the High Court came to abrupt conclusion that normally for various reasons the guardians to understate the age of their children at the time of admission in the school. There was no material or basis for coming to this conclusion. The High Court in the absence of any evidence to the contrary should not have come to hold that the date of birth of the prosecutrix was not established and the school leaving certificate and the school register are not conclusive. Interestingly, no question was put to the victim in cross examination about the date of birth. The High Court also noted that no document was produced at the time of admission and a horoscope was purportedly produced. There is no requirement that at the time of admission documents are to be produced as regards the age of the student. Practically, there was no analysis of the evidence on record and abrupt conclusions, mostly based on surmises, were arrived at. The inevitable conclusion is that the judgment of the High Court is unsustainable, deserves to be set aside which we direct. The respondent shall surrender to custody to serve the remainder of the sentences.

તેમજ એ.આઇ.આર ૨૦૧૧ નામ.સુપ્રીમ કોર્ટ, પાના નં.૧૬૯૧ ઉપરનો મુરુગ્ગન એલ્યાસ સેતુ વિ. સ્ટેટ ઓફ તામીલનાડુના ચુકાદા માં જણાવેલ છે કે,

11. Documents made ante litem motam can be relied upon safely, when such documents are admissible under Section 35 of the Indian Evidence Act, 1872. (Vide:Umesh Chandra v. State of Rajasthan, AIR 1982 SC 1057; and State of Bihar & Ors. v. Sri Radha Krishna Singh & Ors., AIR 1983 SC 684).

12. This Court in Madan Mohan Singh & Ors. v. Rajni Kant & Anr., AIR 2010 SC 2933, considered a large number of judgments including :Brij Mohan Singh v. Priya Brat Narain Sinha & Ors. AIR 1965 SC 282; Birad Mal Singhvi v. Anand Purohit AIR 1988 SC 1796; Updesh Kumar & Ors. v. Prithvi Singh & Ors., AIR 2001 SC 703; State of Punjab v. Mohinder Singh, AIR 2005 SC 1868; Vishnu @ Undrya v. State of Maharashtra, AIR 2006 SC 508; Satpal Singh v. State of Haryana (2010) 8 SCC 714, and came to the conclusion that while considering such an issue and documents admissible under Section 35 of the Evidence Act, the court has a right to examine the probative value of the contents of the document. Authenticity of entries may also depend on whose information such entry stood recorded and what was his source of information, meaning thereby, that such document may also require corroboration in some cases.

13. In the instant case, in the birth certificate issued by the Municipality, the birth was shown to be as on 30.3.1984; registration was made on 5.4.1984; registration number has also been shown; and names of the parents and their address have

correctly been mentioned. Thus, there is no reason to doubt the veracity of the said certificate. More so, the school certificate has been issued by the Head Master on the basis of the entry made in the school register which corroborates the contents of the certificate of birth issued by the Municipality. Both these entries in the school register as well, as in the Municipality came much before the criminal prosecution started and those entries stand fully supported and corroborated by the evidence of Parimala (PW.15), the mother of the prosecutrix. She had been cross examined at length but nothing could be elicited to doubt her testimony. The defence put a suggestion to her that she was talking about the age of her younger daughter and not of Shankari (PW.4), which she flatly denied. Her deposition remained un-shaken and is fully reliable.

ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત અને કરેલ ચર્ચા અને પડેલ પુરાવો ધ્યાને લેતા આ કામે ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ની હોવાનું પ્રોસીકયુશન નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે.

૨૦. ઉપરોકત હકીકતે બનાવની હકીકત બાબતેનો પુરાવો જોવામાં આવે તો,પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૧ થી ભોગબનનારના પિતાને તપાસવામાં આવેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, ૧૩/૧૨/૨૦૨૧ના રોજ પોતે ઓફીસ હતા ત્યારે પોતાના પત્નીનો ફોન આવેલ અને જણાવેલ કે, બાજુમાં રહેતા રોહીત પાચાન્ગને એ ભોગબનનાર દિકરી સાથે ખરાબ વર્તન કરેલ છે અને જણાવેલ કે,

આરોપીના ઘરે ભોગબનનાર દિકરી ઇંડા છે કે નહીં તેવું પુછવા જતાં આરોપીએ ભોગબનનારનો હાથ પકડી તેને કીસ કરી અને શરીર ઉપર સ્પર્શ કરી જબરજસ્તી કરેલી જેથી ભોગબનનાર આરોપીને ધકકો મારી બહાર નીકળી ગયેલી તેમ જણાવ્યાનું અને ભોગબનનારે આવીને તમામ હકીકત પોતાની પત્નીને જણાવ્યાનું સાહેદ જણાવે છે અને આરોપીએ ભોગબનનાર સાથે જબરજસ્તી કરેલી તેમ જણાવ્યાનું જણાવે છે, જેથી પોતે ઘરે આવેલ તો પોતાની પત્ની, બાળકો રડતા હતા અને પોતે તેને પુછતા બનાવની હકીકત તેઓએ જણાવેલી અને પોતે કંપનીના એચ.આર.હેડને આ બાબતની જાણ કરેલી અને એચ.આર. હેડ અનીલ ટીપલે કંપનીના ડીપાર્ટમેન્ટ હેડ રાજેશ ઝા ને બનાવની જાણ કરી તપાસ કરવા ઘરે મોકલેલા તે સમયે પોતે, પોતાની પત્ની અને બાળકો હાજર હતા, પોતે અને પોતાની પત્નીએ પોતાની દિકરી સાથે બનેલ બનાવની તેઓને જાણ કરેલી, તેઓએ જણાવેલ કે કંપનીમાં બનાવની જાણ કરીશું અને જરૂરી પગલાં લેશું અને તમને લાગતું હોય તો બનાવ અંગે ફરીયાદ કરી દો જેથી કંપનીના એડમીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટે પોલીસમાં જાણ કરેલી અને લુવારા પોલીસ સ્ટેશનથી આશરે રાત્રીના સાડા દસ વાગે પોલીસના માણસો પોતાના ઘરે આવેલા તેમ જણાવે છે અને અમારી પુછપરછ કરેલી અને મારી ફરીયાદ લખી લીધેલી તે રીતે જણાવે છે અને બીજા દિવસે પોલીસ વાળાઓએ પોતાની ફરીયાદ કોમ્પ્યુટર ઉપર ટાઇપ કરીને લઇ આવેલા જેના ઉપર ફરીથી પોતે સહી કરેલી, જે કોમ્પ્યુટરાઇઝ ફરીયાદ

જોઇને કહે છે કે, તેના ઉપર પોતાની સહી છે અને જે અસલ ફરીયાદ આંક–૧૮ થી રજુ કરે છે અને આરોપીને કોર્ટમાં ઓળખી બતાવે છે.

૨૦.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે, તેમાં પોતાનો નોકરીનો સમય સવારે ૯ થી સાંજના ૬ નો હોવાનો અને બનાવના દિવસે સાંજે પોણા છ વાગે પોતાના પત્નીનો આ બનાવ અંગે ફોન આવેલ જેથી પોતે ઓફીસેથી તુરત ઘરે જવા નીકળી ગયેલા અને કબુલ કરે છે કે, આરોપી પોતાની કંપનીમાં નોકરી છે,આરોપીની ઓફીસમાં પોતે હેડ હોવાનો ઇન્કાર કરે છે અને સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપી બીજા ડીપાર્ટમેન્ટમાં છે, કબુલ કરે છે કે, આરોપીનો હોદ્દો પોતાના થી નીચે છે, આરોપીનો સર્વીસનો સમય શું છે તેની પોતાને માહિતી નથી અને કબુલ કરે છે કે, આરોપીનું ઘર પોતાના ઘરની એકદમ ઉપર છે અને આરોપી અને તેની પત્ની બંને મકાનમાં સાથે રહે છે, આરોપીની પત્ની પણ પોતાની કંપનીમાં નોકરી કરે છે તેમ સાહેદ જણાવે છે. આરોપીની પત્ની અને પોતાની પત્ની વચ્ચે વારંવાર ઝઘડો થતો હોવાનો ઇન્કાર કરે છે. કબુલ કરે છે કે, આરોપીની પત્ની પોતાની કંપનીમાં કામ કરતી હતી જેથી પોતે ઓળખે છે અને આરોપીની પત્નીની ટ્રાન્સફર થઇ છે પરંતુ કયાં ડીપાર્ટમેન્ટમાં થઇ છે તે ખબર નથી. તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ પોતાની પત્ની અને આરોપીની પત્ની વચ્ચે બહુ મોટો ઝઘડો થયેલ હોવાનો કે, તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ આરોપી સાંજે છ વાગ્યા સુધી કામ કરતાં હોવાનો ઇન્કાર કરે છે. કબુલ કરે છે કે,

આરોપીને પોતે બનાવના દિવસે સાંજે છ વાગ્યા સુધી રહેઠાણ વાળી ટાઉનશીપમાં જોયેલ નહીં. આરોપીને ઓફીસના એચ.આર. ડીપાર્ટમેન્ટ ધ્વારા નોકરીમાંથી ટર્મીનેટ કરવામાં આવેલાની વાતની પોતાને ખબર નથી. આરોપીની પત્ની થી પોતાની પત્નીનો વારંવાર ઝઘડો થતો હોવાથી આરોપીને નોકરીમાંથી ટર્મીનેટ કરાવવા માટે એચ.આર.માં રજુઆત કર્યાનો ઈન્કાર કરે છે.પોતાની નોકરીથી પોતાના ઘરનો રસ્તો આશરે અઢી કિ.મી.નો હોવાનું જણાવે છે. તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ પોતાના ધ્વારા પોલીસને કોઈ ફરીયાદ કરવામાં આવેલી ન હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, જયારે પોતાના ધ્વારા પોલીસને આ બનાવ અંગેની હકીકત જાહેર કરવામાં આવેલી હતી તે સમયે પોતાની સાથે કોઈ ટ્રાન્સલેટર ન હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોતાની ફરીયાદ નોંધ્યા પછી ફરીયાદમાં શું લખેલું છે તે વાંચીને હિન્દી ભાષામાં અનુવાદ કરીને બતાવવામાં આવેલ હતું. પોતાના ધ્વારા પોતાની ફરીયાદમાં બનાવનો સમય બતાવવામાં આવેલો ન હોવાનો કે આરોપીએ પોતાની ભોગબનનાર દિકરી સાથે કોઈ દુર વ્યવહાર કરેલો ન હોવાનો કે પોતાના ધ્વારા આરોપી સામે અદાવત રાખીને ખોટો કેસ કરવામાં આવેલ હોવાનો કે પોતાની પત્ની તથા આરોપીની પત્ની વચ્ચે વારંવાર ઝઘડો થતો હોય તેથી તેમને ટાઉનશીપમાંથી કાઢવા માટે ખોટી ફરીયાદ કરેલ હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, પોતાને ગુજરાતી ભાષાનું જ્ઞાન નથી અને અંગ્રેજી ભાષા જાણે છે.

આ સાહેદની જુબાની મારા વિ.પુરોગામી ન્યાયાધીશશ્રીએ હિન્દીમાં લીધેલ અને તેનું અનુવાદ કરીને ગુજરાતીમાં લખેલ છે તે બાબતે જુબાનીમાં નોંધ પણ કરેલ છે.

૨૧. પ્રોસીકયુશન તરફે આંક–૨૦ થી સાહેદ નં.૨ તરીકે ભોગબનનારના માતૃશ્રીને તપાસવામાં આવેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, તા.૧૩/૧૨/૨૦૨૧ના સાંજે સાડા પાંચથી છ વાગ્યાના અરસામાં પોતે ઘરે હાજર હતી તે સમયે ભોગબનનાર દિકરી પોતાની પાસે રડતી આવેલી અને જણાવેલું કે, આરોપી રોહીત પાચાન્ગનેએ ભોગબનનારનો હાથ પકડેલો અને તેના શરીરના અંગોને સ્પર્શ કરીને જબરજસ્તીથી કીસ કરેલી, ત્યારપછી પોતે પોતાના પતિને ફોન ઉપર આ બનાવની જાણ કરેલી અને પતિને બનાવની જાણ થતાં તે તુરત જ કંપનીની ઓફીસેથી ઘરે આવેલા, ઘરે આવ્યા પછી ભોગબનનાર દિકરીએ પતિને બનાવની જાણ કરેલી અને આ બનાવની જાણ ત્યારપછી પોતાના પતિએ તેના ઓફીસના એડમીનીસ્ટ્રેશન ડીપાર્ટમેન્ટને ફોનથી કરેલી અને ત્યારબાદ પતિના ઓફીસના એડમીનીસ્ટ્રેશન ડીપાર્ટમેન્ટમાંથી એક ઓફીસર રાજેશ ઝા ઘરે આવેલા તેના આવ્યા પછી પોતાના પતિ દ્વારા તેને બનાવની જાણ કરવામાં આવેલી, ભોગબનનાર દિકરી રડતી હતી જેથી પોતે તેને સંભાળતી હતી અને રાત્રીમાં પોતાના પતિએ પોલીસમાં આ બનાવ અંગે ફોનથી જાણ કરેલી જેથી પોલીસ મોડી રાત્રે સાડા અગિયારથી

બાર વાગ્યા સુધીમાં ઘરે આવેલી, પોલીસ ઘરે આવેલી ત્યારે પોતે પોતાના ઘરના બીજા રૂમમાં ભોગબનનાર દિકરીને સંભાળતી હતી અને પોતે પોલીસ રૂબરૂ આવેલી નહીં, તે જ રાત્રીએ પોતાના પતિ દ્વારા આ બનાવ અંગેની ફરીયાદ પોલીસને આપવામાં આવેલી હતી, ભોગબનનાર દિકરી ગભરાઇ ગયેલી અવસ્થામાં હતી જેથી આખી રાત પોતે તેની સાથે હતી, આરોપી કોર્ટમાં હાજર છે જેને સાહેદ ઈશારાથી ઓળખી બતાવે છે. બનાવના બીજા દિવસે સવારે મહીલા પોલીસ પોતાના ઘરે આવી પોતાનું નિવેદન નોંધેલું હતું તેમ જણાવે છે.

૨૧.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે, પોતાના પતિ સીવીલ ડીપાર્ટમેન્ટમાં મેનેજર તરીકે ફરજ બજાવે છે અને તેની નોકરીનો સમય સવારે સાડા આઠથી રાત્રીના આઠ વાગ્યા સુધીનો છે. કબુલ કરે છે કે, આરોપી અને પોતાના પતિ બંને એક જ કંપનીમાં નોકરી કરે છે અને આરોપીની પત્ની પણ ખુશ્બુ પણ પતિની કંપનીમાં નોકરી કરે છે અને પોતાના રહેઠાણ વાળી ટાઉનશીપમાં ઘણાં બધાં ઘરો આવેલા છે, પોતાની આજુબાજુમાં જે લોકો રહે છે તે પણ કંપનીમાં જ નોકરી કરે છે, સાહેદ તે કંપનીનું નામ જણાવે છે. કબુલ કરે છે કે, આરોપી અને તેની પત્ની પોતાના રહેઠાણ વાળી ટાઉનશીપમાં પોતાના ઘરના ઉપરના માળે સાથે રહેતા હતા અને આરોપીને કંપનીમાંથી કાઢી મુકવામાં આવેલ છે અને પોતાને ગુજરાતી ભાષા આવડતી નથી અને તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ રાત્રીએ પોલીસે પોતાની કોઇ પુછપરછ કરેલી નહીં, આ બનાવ વખતે પોતે

પોતાના ઘરે હાજર હતી. કબુલ કરે છે કે, બનાવ પોતે નજરે જોયેલો નથી. આરોપીની પત્ની અને પોતાની વચ્ચે ઝઘડો થતો હોવાનો કે પોતાના પતિ દ્વારા આરોપીને ડીસમીસ કરવા ખોટી ફરીયાદ આપેલી હોવાનું કે આરોપીએ ભોગબનનાર સાથે દુરવ્યવહાર કરેલો ન હોવાનો કે પતિને સમર્થન આપવા ખોટી જુબાની આપતા હોવાનું કે આ બનાવ બનેલ ન હોવાનો ઈન્કાર કરે છે.

આ સાહેદની જુબાની મારા વિ.પુરોગામી ન્યાયાધીશશ્રીએ હિન્દીમાં લીધેલ અને તેનો અનુવાદ કરીને ગુજરાતીમાં લખેલ છે તે બાબતે જુબાનીમાં નોંધ પણ કરેલ છે.

૨૨. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, આંક-૨૨ થી સાહેદ નં.૩ તરીકે આંક-૨૩ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ જયંતભાઇ ઈન્દ્રવદન કેસરીને તપાસેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતાને ડીસેમ્બર ૨૦૨૧ના સમય દરમ્યાન બ્લોક નં.xxxમાં પોલીસે બોલાવેલા અને પોલીસે બોલાવીને બ્લોક નં.xxx પુછેલ અને ત્યારબાદ પોતે પોલીસને બ્લોક નં.xxx બતાવેલો અને પોતાની સાથેના પોલીસના માણસો અને બીજા એક રમણભાઇ નામની વ્યકિત સાથે હતા, xxx બ્લોકમાં અંદર પ્રવેશ કરતાં મુખ્ય દરવાજા ઉપર મચ્છર જાળી લગાવેલ અને તેની અંદર પ્લાયવુડનો દરવાજો છે, ત્યારબાદ અમો અંદર ગયા તેમ જણાવે છે અને ત્યા અંદરની બાજુમા રસોડાનો ભાગ છે, રસોડામા ફ્રીઝ, ગેસ અને રસોડાનો સરસામાન

હતો, વધુમાં જણાવે છે કે, અમારી સાથે ભોગ બનનાર પણ સાથે હતી અને ભોગબનનારે પોતાની હાજરીમા જણાવેલ કે, આરોપીએ આ જગ્યાએ પોતાને ઈંડા લેવા માટે બોલાવેલી, એ જગ્યાએ આરોપીએ ભોગબનનારનો હાથ પકડીને જબરજસ્તી કરેલી અને ભોગબનનાર ધક્કો મારી બહાર નીકળી ગયેલી, રસોડા પછી અંદરના ભાગે બેડરુમ આવેલો છે, બેડરુમમા બેડ અને કબાટ અને બાળકોના રમવાના રમકડાઓ હતા અને સાહેદ વધુમાં જણાવે છે કે, ત્યારબાદ અમે મુખ્ય રુમમા આવેલા, આગળના મુખ્ય રુમમા સોફાસેટ અને બાળકોના રમવાના રમકડા મુકેલા હતા, સાહેદનો વધુ પુરાવો જોતાં, સાહેદ જણાવે છે કે, પોલીસે અમારી સમક્ષ તમામ હકીકત પુછીને પંચનામુ લખેલુ, પોલીસે પંચનામુ ગુજરાતીમા લખેલુ હોય પોતાને હિન્દીમા સમજાવીને પંચનામા ઉપર પંચ નં.–૧ તરીકે મારી સહી લીધેલી જે પંચનામું નિશાની–૯/૨ આ કામે રજુ છે જેમા પંચ–૧ તરીકે મારી સહી છે જે ઓળખી બતાવે છે અને આંક–૨૩થી પંચનામું રજુ કરે છે અને આરોપીને પોતે જોયે ઓળખે છે અને કોર્ટમાં હાજર છે તે જ છે તેમ જણાવે છે.

૨૨.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા કરવામાં આવેલ છે, જે જુબાની જોતાં સાહેદ જણાવે છે કે, પોતે xxx કંપનીમા એડમીન વિભાગમા કામ કરે છે, પોતે ત્યાં આસીસ્ટન્ટ ઓફીસર તરીકે કામ કરે છે અને કબુલ કરે છે કે, આરોપી પણ પોતાની કંપનીમા નોકરી કરતો હતો, આરોપીની પત્ની હાલ પોતાની

કંપનીમા નોકરી કરે છે, પોતાને હાલ ખબર નથી કે, આરોપીની પત્નીની અન્ય કોઈ જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવેલી છે કે કેમ? બનાવ બન્યો ત્યારે પોતે પોતાની ફરજ ઉપર હાજર હતો, બ્લોક નં.XXX અને પોતાની ઓફીસ વચ્ચે ૪૦૦ મીટર જેટલુ અંતર હશે, કબુલ કરે છે કે, પંચનામું કરતી વખતે પોલીસે કોઈ દુભાષીયો જોડે રાખેલો નહિ. સાહેદ વધુમાં જણાવે છે કે, પોલીસે પોતાને હિન્દી ભાષામાં સમજાવેલું. કબુલ કરે છે કે, પોલીસે પંચનામાની વિગત ગુજરાતીમાં લખેલી અને પોતે તેમા સહી કરેલી, સાહેદ જણાવે છે કે, પોલીસે પોતાને સમજાવ્યા બાદ પોતે તેમા સહી કરેલી. કબુલ કરે છે કે,પોતાને ગુજરાતી ભાષા લખતા કે વાંચતા આવડતી નથી. પંચનામા ની કાર્યવાહી થઈ ત્યારે ભોગ બનનાર પોતાની સાથે ન હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, આરોપી અને તેમના પત્ની એક જ ઘરમા રહે છે. પંચનામુ થયુ ત્યારે પોતાને પોલીસ સાથે આરોપીના ઘરમા જવાનો પ્રસંગ બનેલો ન હોવાનો કે, પોતાને આરોપીના ઘરનો નંબર ખબર ન હોવાનો કે, પોતાને પંચનામાનો સમય યાદ ન હોવાનો ઈન્કાર કરે છે અને સ્વેચ્છાએ જણાવે છે કે, પંચનામાનો સમય બપોરે ૩ થી ૫ વચ્ચેનો હતો. કબુલ કરે છે કે, પોતાને બનાવની તારીખની ખબર નથી. પંચનામુ થયુ ત્યારે આરોપીના ઘરમા કોઈ હાજર ન હોવાનો કે પોતે સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, આ પંચનામુ થયુ ત્યારે આરોપીના પત્ની તેમના ઘરમા હતા.

આ સાહેદની જુબાની મારા વિ.પુરોગામી ન્યાયાધીશશ્રીએ હિન્દીમાં લીધેલ અને તેનો અનુવાદ કરીને ગુજરાતીમાં લખેલ છે તે બાબતે જુબાનીમાં નોંધ પણ કરેલ છે.

૨૩. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, પ્રોસીકયુશન તરફે આંક–૨૪ થી સાહેદ નં.૪ તરીકે રાજેશકુમાર વિભુતીભુષણ ઝા નો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, આ સાહેદ કંપનીમાં એ.જી.એમ. (એડમીન) તરીકે ફરજ બજાવે છે અને પોતાનું કામ કોલોનીમા રહેતા લોકોની સુવિધાનુ ધ્યાન રાખવાનુ અને કોલોનીનુ મેન્ટેનન્સ કરવાનુ હોય છે, બનાવ બન્યો તેના બીજા દિવસે એટલે કે તા.૧૩/૧૨ ના બીજા દિવસે પોતાને દહેજ મરીન પોલીસ સ્ટેશન ખાતે પોતાનું નિવેદન નોંધવા માટે બોલાવેલો, બનાવના દિવસે બનાવ બન્યા બાદ પોતાની કંપનીના એચ.આર.હેડ અનિલ ટીપલે સાહેબનો પોતાને ફોન આવેલો અને જણાવેલ કે, ટાઉનશીપમા બ્લોક xxx માં રહેતા ભોગબનનારના પિતાના ઘરે તેમની દિકરી સાથે છેડતીનો બનાવ બનેલો હોય તમે તાત્કાલિક તેમના ઘરે પહોચો, જેથી પોતે બ્લોક xxx મા જયા ભોગબનનાર પિતા રહે છે ત્યાં ગયેલો, પોતે તેમના ઘરે ગયો ત્યારે હોલમા ભોગબનનાર પિતા એકલા હતા અને તેમનો પરિવાર અંદર રુમમાં હતો, પોતે જઈને તેમને પુછતા ભોગબનનારના પિતાએ પોતાને કહેલુ કે, પોતાની પત્ની એટલે કે ભોગબનનાર માતૃશ્રીએ આરોપીને જમવાનુ બનાવવા બાબતે વાત

થયેલી ત્યારે આરોપીએ ભોગબનનારના માતૃશ્રીને કહેલ કે, પોતે ઇંડાનુ શાક બનાવવાનો છે, જેથી ભોગબનનારના માતૃશ્રીએ ભોગબનનારને આરોપીના ઘરે ઇંડા છે કેમ? તેની તપાસ કરવા મોકલેલી, ત્યારબાદ જ્યારે ભોગબનનાર ઉપર ગઈ ત્યારે ભોગબનનારના પિતાના જણાવ્યા મુજબ આરોપીએ ભોગબનનારનો હાથ પકડી તેને કિસ કરવાનો પ્રયત્ન કરેલો અને તેની છાતીને સ્પર્શ કરવાનો પ્રયત્ન કરેલો જેથી ભોગબનનાર ગભરાઈને આરોપીને ધક્કો મારીને રડતી રડતી તેના ઘરે આવેલી અને તેણે પોતાના માતા પિતાને આ બાબતે જણાવેલુ, ત્યારબાદ ભોગબનનારના પિતાએ કંપનીના એચ.આર.હેડને આ બાબતે સૌપ્રથમ જાણ કરેલી અને પોતાના સાહેબે પોતાને બનાવ બાબતે વાત કરી ભોગબનનારના પિતાને મળવા જણાવેલું, જેથી પોતે દસેક મિનિટમા ત્યા પહોંચેલો અને ભોગબનનારના પિતાએ પોતાને ઉપરની વાત જણાવેલી, પોતાના એચ.આર.હેડે પોતાને જણાવેલુ કે, જે ઘટના બની છે તે માટે કંપની તો તેમના ઉપર યોગ્ય પગલા લેશે પરંતુ ભોગબનનારના પિતાએ જો ફરીયાદ કરવી હોય તો તે પોલીસ ફરીયાદ કરી શકે છે, ત્યારબાદ પોતે પોતાની કંપનીના સીકયુરીટી ડિપાર્ટમેન્ટના જાસ્મીન પટેલનાઓને ભોગબનનારના પિતા સાથે દહેજ મરીન પોલીસ સ્ટેશનમા ફરીયાદ કરવા મોકલેલા અને આ બાબતે પોલીસે પોતાનું નિવેદન લીધેલુ, આરોપી કોર્ટમા હાજર છે,આરોપીને ઓળખી બતાવે છે.

૨૩.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રી દ્વારા કરેલી છે જેમાં સાહેદ જણાવે છે કે, પોતાની નોકરીનો સમય સવારના નવ થી રાત્રિના આઠથી નવ વાગ્યા સુધીનો હોય છે, પોતાની કંપનીમા આવેલ ઓફીસ ટાઉનશીપથી દોઢેક કિ.મી.ના અંતરે આવેલી છે, પોતાની કંપનીમા દરેક પ્લાન્ટમા સી.સી.ટી.વી. કેમેરા લાગેલા છે. કબુલ કરે છે કે, આરોપી તથા તેમના પત્ની પોતાની કંપનીમા નોકરી કરે છે. આરોપી તથા તેમની પત્નીના કામગીરીનો સમય સરખો હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, આરોપીની પત્નીનો નોકરીમા થી છુટવાનો સમય પાંચ વાગ્યાનો હોય છે અને આરોપીની નોકરી સીફ્ટવાઈઝ હોય છે અને તેમા ઘણી વખતે નાઈટસીફ્ટ પણ આવે. ફરીયાદી અને આરોપી ઉપર નીચે રહેતા હોય તેમના વચ્ચે ઘણી વખત ઝઘડા પણ થયેલા ની પોતાને ખબર નથી. કબુલ કરે છે કે,પોલીસે પોતાનું નિવેદન લેતા સમયે કોઈ દુભાષીયો રાખેલો નહિ. સહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોતાનું નિવેદન લખ્યા બાદ પોતાને હિન્દીમા તે સમજાવેલું. કબુલ કરે છે કે, પોલીસે પોતાનું નિવેદન ગુજરાતી ભાષામા લખેલુ પોતે આ બનાવ નજરો નજર જોયેલો નથી. ફરીયાદી પોતાની કંપનીમાં નોકરી કરતા હોય તેમની ફરીયાદને મદદરૂપ થવા પોતે જુબાની આપવા આવેલ હોવાનો કે, આવો કોઈ બનાવ બનેલ ન હોવાનો ઈન્કાર કરે છે.

૨૪. પ્રોસીકયુશન તરફે આંક–૨૭ થી સાહેદ નં.૫ તરીકે જાસ્મીનભાઇ નટવરભાઇ પટેલનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો

જોતાં,પોતે ૨૦૧૩ થી ૨૦૨૧ સુધી કંપનીમા સીકયુરીટી ઓફીસર તેમજ કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી કરતા હતા તેમ જણાવે છે અને કંપનીનું નામ જણાવે છે અને તા.૧૫.૧૨.૨૦૨૧ ના રોજ દહેજ મરીન પોલીસ સ્ટેશનમાથી પોતાની કંપનીની સીકયુરીટીની ઓફીસમા ફોન આવેલો અને પોતાના નામથી સ્ટેટમેન્ટ આપવાનુ હોય તેવુ જણાવવામાં આવેલું, તા.૧૪.૧૨.૨૦૨૧ ના રોજ બનાવના દિવસે પોતે પોતાની નોકરી ની ફરજ ઉપર હાજર હતા, તે સમયે પોતાના કંપનીના એ.જી.એમ.રાજેશભાઈ ઝા નો ફોન આવેલો અને જણાવેલ કે xxx બ્લોકમા છોકરીની છેડતીની બાબતનો બનાવ બનેલ છે, તો તેની ફરીયાદ લખાવવા માટે પોલીસ સ્ટેશન જવાનુ છે, જેથી પોતે તરત જ બ્લોક xxx માં પહોંચી ગયેલા, ત્યાં પોતે ભોગબનનાર પિતા અને તેમની પત્નીને મળ્યા, તે સમયે ભોગબનનાર અંદરના રુમમા હતી, પોતે ભોગબનનારના પિતાને બનાવ વિશે પુછેલુ કે શુ બનાવ બનેલો છે ત્યારે ભોગબનનારના પિતાએ જણાવેલ કે, તેમની પત્ની અને આરોપી રોહિત પાચાન્ગને ને જમવાનુ બનાવવા બાબતે વાત થયેલી છે અને ઈંડાનુ શાક બનાવવા માટે પોતાની ભોગબનનાર દિકરીને આરોપીના ઘરે ઈંડા ન હોય તો પોતાના ઘરેથી લઈ જવા પુછવા માટે મોકલેલ અને ત્યાં આરોપી રોહિતે ભોગબનનાર દિકરીને છાતી ઉપર સ્પર્શ કરેલો તેમજ કિસ કરેલી જેથી ભોગ બનનાર આરોપી રોહિતને ધકકો મારીને રડતી રડતી રુમની બહાર નીકળી ઘરે પરત આવી ગયેલી અને ભોગ બનનારે ઘરે

પરત આવીને તેના માતાપિતાને બનાવ વિશે વાત કરેલી, આ વાત પોતાને ભોગબનનારના પિતાએ જણાવેલી, જેથી પોતે તેમજ ભોગબનનાર પિતા દહેજ મરીન પોલીસ સ્ટેશને બનાવ વિશે ફરીયાદ કરવા ગયેલા, પોતે આરોપીને ઓળખી શકે અને આરોપી કોર્ટમાં હાજર નથી તેમ જણાવે છે. બચાવ પક્ષે ઓળખની તકરાર નથી તેવી મારા વિ.પુરોગામી ન્યાયાધીશશ્રીએ જુબાનીમાં નોંધ કરેલી છે.

૨૪.૧ આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રી એ કરેલી છે, જેમાં પોતાને બનાવના દિવસે પોલીસ સ્ટેશનમા જવાનો પ્રસંગ બનેલો ન હોવાનો કે સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઇન્કાર કરે છે. કબુલ કરે છે કે, બનાવ ચોકકસ કયા સમયે બનેલો તે પોતે કહી શકે નહીં અને આ બનાવ અંગે ભોગ બનનારે પોતાને કશુ કહેલુ નહિ અને બનાવવાળી જગ્યા તથા પોતાની ફરજનુ સ્થળ એક થી દોઢ કિ.મી.ના અંતરે આવેલુ છે અને બનાવના દિવસે અને બનાવ સમયે પોતે પોતાની ફરજ ઉપર હાજર હતા અને બનાવના સમયે પોતે બનાવવાળા સ્થળે હાજર ન હોય ચોકકસ શુ બનાવ બનેલો તે પોતે કહી શકે નહીં.

૨૫. પ્રોસીકયુશન તરફે આંક–૨૮ થી સાહેદનં.૬ તરીકે ભોગબનનારનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, પોતાની સાથે બે વર્ષ પહેલા બનેલ બનાવ અંગે જુબાની આપવા માટે આવેલ છે અને પોતાની સાથે તા.૧૩.૧૨.૨૦૨૧ ના રોજ બનેલો અને બનાવના

દિવસે પોતે સાંજે આશરે ૦૫.૩૦ વાગે ટયુશન થી ઘરે આવતી હતી, ઘરે પહોચ્યા બાદ પોતાના મમ્મીએ પોતાને કહેલ કે ઉપર જે અંકલ રહે છે તેમની પાસેથી બીરયાની બનાવવા ઈંડા લઇને આવ, એ અંકલનુ નામ રોહિત છે, આ અંક્લ અમારા કવાર્ટર xxx ની ઉપર રહે છે તેમ ભોગબનનાર જણાવે છે. વધુ પુરાવો જોતાં, ત્યારબાદ પોતે આ રોહિત અંકલના ઘરે ઇંડા લેવા ગયેલી ત્યારે તેમણે દરવાજો ખોલેલો અને પોતે ઘરમા ગયેલી. પોતે ઘરેથી આવ્યા બાદ દસ પંદર મીનીટ બાદ તેઓના ઘરે ગયેલી. પોતે જયારે તેઓના ઘરે ગયેલી તેઓ એકલા જ ઘરે હતા, પોતે અંદર ગઈ ત્યારે તે અંક્લે પોતાને ઈંડા લાવીને આપ્યા, ઈંડા વધારે હોવાથી અંકલે પોતાને પ્લેટ લાવવા ઉભા રહેવા કહેલુ અને પોતે વધારાના ઈંડા લેવા નીચે વળી ત્યારે આ અંકલે પોતાનો હાથ પકડેલો અને પોતાની સાથે જબજસ્તી કરેલી અને પોતે તેમને ધક્કો મારી દીધેલો અને ઘરે આવી ગયેલી, ઘરે આવ્યા બાદ પોતે પોતાના મમ્મીને બનાવની હકીકત કહેલી ત્યારબાદ પોતાના મમ્મીએ પોતાના પપ્પાને ફોન કરીને જાણ કરેલી, પોતાના પપ્પાએ એચ.આર.ડિપાર્ટમેન્ટમા માહિતી આપેલી, પોતે બનાવ બાદ ઘરે પહોંચ્યા બાદ આ અંક્લ ઘરે આવીને સતત ડોરબેલ વગાડતા હતા અને મારી મમ્મીને ફોન કરતા હતા ત્યારબાદ પોતાના પિતાના ઘરે આવ્યા બાદ બે ત્રણ કલાક બાદ પોલીસ આવીને આ અંકલને લઈ ગયેલી. ફરીયાદ આપ્યા બાદ વાગરા પોલીસ સ્ટેશને પોતે પોતાના માતા પિતા સાથે જવાબ લખાવવા ગયેલી, વાગરા કિડસ કોર્ટમા

જવાબ લખાવેલો ત્યાં આંટીએ પોતાનો જવાબ લીધેલો પોતે સી.આર.પી.સી.કલમ ૧૬૪નું નિવેદન જોઇને કહે છે કે, તેમાં પોતાની સહી છે જે આંક–૨૯ થી રજુ થાય છે એ સીવાય બીજું કશું બનેલું નહીં. પોતે આરોપીને ઓળખે છે અને તેને ઓળખી બતાવે છે.

૨૫.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે જેમાં સાહેદ જણાવે છે કે, બનાવ સમયે પોતે પોતાના પાડોશમા xxxબેનને ત્યાં ટ્યુશનમા જતી હતી. કબુલ કરે છે કે, બનાવના અરશામા પોતાના પિતા સાંજે ૦૫.૩૦ થી ૦૬.૩૦ સુધી તેમની ફરજ ઉપર હતા. પોલીસે પોતાની કોઇ પુછપરછ કરેલ ન હોવાનો કે, આરોપીએ પોતાની સાથે કોઈ ખોટુ કામ કરેલ ન હોવાનો કે,પોતે આરોપીના ઘરે ગયેલી ન હોવાનો કે બનાવ સમયે પોતાની માતા પોતાના ઘરે ન હોવાનો કે આરોપીની પત્ની અને પોતાની માતાને વારંવાર ઝઘડા થતા હોવાનો ઈન્કાર કરે છે અને સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બંને સારા મિત્ર હતા. પોલીસ પોતાના ઘરે આવી પોતાની કોઈ પુછપરછ કરેલ ન હોવાનો કે, પોતાની સ્કુલથી પોતાના ઘરનું અંતર ૧૫ કિ.મી. હોવાનું ઈન્કાર કરે છે અને સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ૨૫ કિ.મી.નુ છે. બનાવના દિવસે ૦૫.૩૦ વાગે પોતે ટ્યુશન હોવાનો ઈન્કાર કરે છે. પોતાનું એવુ કહેવુ છે કે, ૦૫.૩૦ વાગે પોતે પોતાના ઘરે આવી ગયેલી. ૦૫.૩૦ વાગે પોતે કહે છે તેવો કોઇ બનાવ બનેલો ન હોવાનો કે ફરીયાદ મુજબ કોઇ બનાવ બનેલ ન હોવા છતાં ખોટો પુરાવો આપતા હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે

કે, ટ્યુશનથી પોતાનું ઘર પાંચ મિનિટ જેટલા રસ્તે છે અને ૦૫.૨૦ કલાકે પોતે ટ્યુશનમાં હતી.

આ સાહેદની જુબાની મારા વિ.પુરોગામી ન્યાયાધીશશ્રીએ હિન્દીમાં લીધેલ અને તેનો અનુવાદ કરીને ગુજરાતીમાં લખેલ છે તે બાબતે જુબાનીમાં નોંધ પણ કરેલ છે.

૨૬. પ્રોસીકયુશન તરફે ભોગબનનાર સાહેદની જુબાનીમાં આંક–૨૯ થી ભોગબનનારનું સી.આર.પી.સી. કલમ–૧૬૪ મુજબનું નિવેદન રજુ થયેલ છે અને ભોગબનનારની ઉંમર તેમાં ૧૨ વર્ષ ૯ મહીના જણાવેલ હોય તેથી વિ.પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ અને એડી.ચીફ.જયુડી.મેજીસ્ટ્રેટ શ્રી વાગરા સગીર વયની હોય જેથી તે નિવેદન આપવા તેમજ સોંગદ લેવા સક્ષમ છે કે કેમ તેની ખાતરી કરવા ભોગબનનારને પ્રશ્ન પુછેલ તેના ભોગબનનારે જવાબ આપેલ છે જેમાં ભોગબનનારનું નામ, જન્મ તારીખ, સ્કુલમાં જાય છે, કયાં ધોરણમાં ભણે છે, ઘરે કોણ કોણ છે? ભોગબનનારના પિતા, ભાઇ શું કરે છે, ઘરમાં ભગવાન રાખેલા છે, કોણ પુજા કરે છે, ભોગબનનાર પુજા કરે છે કે કેમ, સોંગદ એટલે શું, કોર્ટમાં કેમ આવ્યા છો, કોણ લઇને આવ્યું છે, તમારા મમ્મીને સાથે રાખવાના છે તે બાબતે ભોગબનનારને પ્રશ્ન પુછેલ જેનો ભોગબનનારે જવાબ આપેલ અને ત્યારબાદ સોંગદ લેવા સક્ષમ હોવાનું જણાવી અને જવાબથી ખાતરી થયાનું જણાવી સ્વેચ્છાએ ખુશીથી નિવેદન આપતા હોવા બાબતે

જણાવી ભોગબનનારનું નિવેદન લેવામાં આવેલ છે તે સી.આર.પી.સી. કલમ–૧૬૪નું નિવેદન જોવામાં આવે તો તેમાં ભોગબનનારે જણાવેલ છે કે, '' હું ટયુશનમાંથી ઘરે પાછી આવેલી. મારી મમ્મીએ કહેલ કે, ઉપર રોહીત પંચાલ અંકલને પુછીને આવ કે તેમની પાસે ઇંડા છે કે નહીં. જેથી હું રોહીત અંકલના ઘરે ગયેલી મે તેમને પુછયુ કે તમારી પાસે ઇંડા છે? તો તેમણે હા પાડેલી પછી તેમણે કહયું કે આવીને લઇ લે. જેથી હું અંદર કિચનમાં ઇંડા લેવા માટે ગયેલી. મેં બધા ઇંડા લઇ લીધેલા અને મારા બંને હાથ ઇંડાથી ભરાઇ ગયેલા અને એક જ ઇંડુ બચ્ચું હતું જેથી મેં વિચાર્યુ કે હું ઇંડાને પ્લેટમાં રાખીને લઇ જાઉં. હું પ્લેટમાં ઇંડા મુકતી હતી તે વખતે રોહીત અંકલે મને પકડીને હગ કરી લીધેલ અને મને કિસ કરેલ પછી હું ઘરે નીચે આવીને મમ્મીને બધી વાત કરેલી. મમ્મીએ રોહીત અંકલની વાઇફ ખુશ્બુ આન્ટીને ફોન પર વાત કરેલી. તે સમયે રોહીત અંકલ નીચે આવીને અમારા ઘરે બેલ મારતા હતા. પછી મારા મમ્મીએ પપ્પાને ફોન કરેલો. પછી પપ્પાએ કંપનીના એચ.આર.માં ફોન કરીને જણાવેલું કે ઘરમાં આવું થયું છે. પછી રાત્રે પોલીસ આવીને રોહીત અંકલને પકડીને લઇ ગયેલી''. આ રીપે ભોગબનનારનું તા.૨૭/૧૨/૨૦૨૧ના રોજ સી.આર.પી.સી. કલમ–૧૬૪ નું નિવેદન લેવાયેલ છે.

૨૭. પ્રોસીકયુશન તરફે આંક–૩૦થી સાહેદ નં.૭ તરીકે ડો. રાકેશકુમાર દમણીયાભાઇ વસાવાનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો

જોતાં, તા.૧૪/૧૨/૨૦૨૧ના રોજ પોતે કેશવાણ પી.એચ.સી. સેન્ટર ખાતે પોતાની ફરજ ઉપર હતા તે સમયે પોલીસ સ્ટેશન અમલદાર રાવજીભાઈ અભેસંગભાઈ બ.નં.૧૧૩૫ દહેજ મરીન પોલીસ સ્ટેશનનાઓ આરોપી રોહીત મોહન પાંચાલ્ગને યાદી સાથે લાવેલા જે યાદી પોતે સ્વીકારેલી તે આંક–૩૧ થી રજુ કરે છે, યાદીના આધારે પોતે આરોપીનું બાહ્ય મેડીકલ તપાસ કરેલી, જેમાં આરોપીના જમણાં હાથની હથેળી ઉપર કાળા તલનું નિશાન હતું તે સીવાય કોઈ બાહ્ય ભાગે વાગેલાનું નિશાન કે અન્ય કોઈ ચિહન જણાયેલા નહીં જે તપાસણી કરીને પોતે આરોપીને મેડીકલ સર્ટીફીકેટ આપેલું જે અસલ મેડીકલ સર્ટીફીકેટમાં પોતાની સહી અને હોદ્દાનો સીકકો હોવાનું જણાવી આંક–૩૧(એ) થી રજુ કરે છે.

૨૭.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલી છે જેમાં કબુલ કરે છે કે, આરોપી રોહીતને પોતાની તપાસમાં કોઈ નખ વાગેલાના નિશાન જણાયેલ ન હતા અને તેમના શરીરની ચામડી નોર્મલ હતી. સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરે છે.

૨૮. પ્રોસીકયુશન તરફે આંક–૪૩ થી સાહેદ નં.૯ તરીકે અનીલ ગુલાબરાવ ટીપલેનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં તે નિવૃત એચ.આર.હેડ કંપનીમાં હતા અને આ સાહેદ તેના પુરાવામાં જણાવે છે કે, તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ xxx કંપનીમાં એચ.આર.

હેડ હતા અને ડીસેમ્બર ૨૦૨૧માં જે બનાવ બનેલ તે બનાવ બન્યા બાદ પોલીસે પોતાનું નિવેદન લીધેલ અને બનાવના દિવસે ફોન ઉપર ભોગબનનારના પિતાએ પોતાને જણાવેલ અને પોતે કંપની ટાઉનશીપના એડમીન હેડ રાજેશ ઝાને તુરત જ ટાઉનશીપમાં જવાની સુચના આપેલ પછી રાજેશ ઝાએ પોતાને બનાવ બાબતે જણાવેલ, ત્યારે પોતાને જાણ થઇ કે પોલીસ પણ આ કેસમાં આવી ગયેલી અને ઇન્વેસ્ટીગેશન શરૂ થઇ ગયેલ અને પોતે ભોગબનનારના પિતાને જણાવેલ કે કંપની તરફથી પણ તે પગલાં લેશે અને નિ.૪૨/૧ જોઇને કહે છે કે, તે આરોપીનો ટર્મીનેશન લેટર છે અને આરોપીને તા.૪/૩/૨૦૨૨ના રોજ ટર્મીનેટ કરેલ અને આરોપીને કોલઝ ૭ ના આધારે પત્ર આપીને ટર્મીનેટ કરેલ અને આરોપીને ટર્મીનેટ કર્યા બાદ નોટીસને બદલે ત્રણ મહીનાની સેલરી આપેલ અને અસલ ટર્મીનેશન લેટર ઉપર પોતાની સહી છે જે આંક-૪૪ થી રજુ કરે છે.

૨૮.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે, જેમાં સાહેદ જણાવે છે કે, પોતે તા.૩૦/૦૬/૨૦૨૨ના રોજ નિવૃત થયેલ અને કબુલ કરે છે કે, કલોઝ ૭ તે કહે છે કે, કંપનીમાં કોઇ મીસ કંન્ડકટ કરે તો તેને કંપનીમાંથી કાઢી શકાય અને આરોપી રોહીત પાચાન્ગનાને કોલોઝ ૭ મુજબ કંપનીમાંથી કાઢેલ અને કોઇને ટર્મીનેટ કરવો હોય તો નોટીસ દેવી પડે અને સ્વેચ્છાએ જણાવે છે કે, કલોઝ ૭ મુજબ નોટીસ વગર પણ કરી શકે. સામાન્ય રીતે કોઇને ટર્મીનેટ કરીએ તો તેમની ઇન્કવાયરી કરવી પડે અને સામાન્ય રીતે

ચાર્જશીટ આપવું પડે અને ઈન્કવાયરી કરવી અને નોટીસ આપવી પડે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આરોપી વર્કરની કેટેગરીમાં આવતો નથી અને ઓફીસરની કેટેગરીમાં આવે અને તે એન્જીનીયર હતો એટલે કલોઝ ૭ મુજબ સમરીલી ડીસમીસ કરેલ અને તા.૧૩/૧૨/૨૦૨૧ થી તા.૧૫/૧૨/૨૦૨૧ વચ્ચે પોતે નોકરી ઉપર હતા. ફરીયાદના એક દિવસ પહેલા ફરીયાદીએ પોતાને ફોન કરેલ તે વાતની પોતાને ખબર નથી. કબુલ કરે છે કે, ફરીયાદી અને પોતે એક જ રાજયના છે અને આંક-૪૪ ઉપર કયાંય લખેલ નથી કે, રોહીત પાંચાન્ગને એફ.આઈ.આર. થયેલ હોય તેથી ટર્મીનેટ કરેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, કલોઝ ૭ મુજબ લખવું જરૂરી નથી. કબુલ કરે છે કે, બનાવના દિવસે રોહીત પાંચાન્ગને નોકરી ઉપર હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ડયુટી ઉપર હતો કે નહીં તે ખબર નથી. કબુલ કરે છે કે, ફરીયાદી અને આરોપી બંને ઉપર નીચે રહે છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, પોતાને બનાવ બાદ ખબર પડેલ. ફરીયાદીની પત્ની અને આરોપીની પત્નીને ઝઘડા થતાં હોવાનું પોતાને ખબર નથી. ફરીયાદીની સાથે ઝઘડો થતો હતો અને તેના કહેવા ઉપર આરોપીને કાઢી મુકેલ હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, પોતે બનાવ જોયેલ નથી એટલે પોતાને બનાવનું અંગત જ્ઞાન નથી. સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરે છે.

૨૯. પ્રોસીકયુશન તરફે આંક-૩૨ થી સાહેદ નં.૮ તરીકે તપાસ કરનાર અધિકારી ભગીરથસિંહ નરેન્દ્રસિંહ સગરનો પુરાવો થયેલ છે, આ

સાહેદનો પુરાવો જોતાં, તા.૧૪.૧૨.૨૧ ના રોજ પોતે પી.આઈ.તરીકે દહેજ પો.સ્ટે. ખાતે ફરજ બજાવતા હતા ત્યારે દહેજ મરીન પો.સ્ટે.ગુના રજી.૧૧૧૯૯૦૩૫૨૧૦૯૮૯/૨૦૨૧ ઈ.પી.કો.કલમ ૩૫૪(૩) તથા પોક્સો એક્ટની કલમ –૮ મુજબના ગુનાની તપાસ પી.એસ.ઓ, એ.એસ.આઈ રાવજીભાઈનાઓએ પોતાને સોપતા ગુનાની તપાસ પોતે સંભાળેલી. તપાસ સંભાળ્યા બાદ ભોગ બનનાર ગુનાવાળી જગ્યા બતાવવા માંગતા હોય બે પંચોના માણસોને બોલાવી તેઓના લખાવ્યા મુજબનુ પંચનામુ લખી લઇ પોતાની તેમજ પંચોની સહીઓ કરાવેલી, આ કામે સાહેદ ભોગબનનારના માતૃશ્રી આરોપીના પત્ની તેમજ સૈઇલબેન, નિલેશભાઈ, રાજેશભાઈ, અનિલભાઈ, જાસ્મીનભાઈ તેમજ દશરથસિંહનાઓના વિગતવારના નિવેદન તેઓના લખાવ્યા મુજબના પોતાની રુબરુના લખી લીધેલા, આરોપી રોહિતભાઈને અટક કરવા પુરતો પુરાવો હોય તેઓનુ શરીરસ્થિતિનું પંચનામુ કરવાનુ હોય પંચોને બોલાવી પંચોના લખાવ્યા મુજબનુ શરીરસ્થિતિનું પંચનામુ કરી તેમાં પંચોની સહીઓ લઈ પોતાની સહી કરેલી તેમજ આરોપીને અટક કરી તેઓનુ મેડીકલ કરાવેલું તેમજ સમયમર્યાદાની અંદર નામદાર કોર્ટમા રજુ કરેલો. ભોગ બનનારનુ નિવેદન તેઓના લખાવ્યા મુજબ લીધેલું, ભોગ બનનારનુ વિડીયોગ્રાફી સ્ટેટમેન્ટ લઈ એવીડન્સ એક્ટની કલમ ૬૫(બી) સટીફીકેટ તેમજ સી.ડી. લઈ પુરાવાના કામે સામેલ રાખેલ, ભોગબનનારના જન્મનો પુરાવો,ટ્રાન્સફર સર્ટીફીકેટ તેમજ આધારકાર્ડ

મેળવી કામે સામેલ રાખેલુ, ભોગબનનારનુ સી.આર.પી.સી.કલમ ૧૬૪ મુજબનુ નિવેદન મેળવવા માટે સંબંધિત મેજીસ્ટ્રેટને યાદી કરેલી જે યાદી આ કામે આંક–૩૩થી રજુ છે, તેઓનુ સી.આર.પી.સી.કલમ ૧૬૪ મુજબનુ નિવેદન લેવડાવવામા આવેલું, આરોપી સામે ચાર્જશીટ કરવા જેટલો પુરાવો હોય, નામદાર કોર્ટમા ચાર્જશીટ કરેલી. આંક–૩૪નું પંચનામું રજુ કરીને જોઇને કહે છે કે, તે આરોપીને અટક કરેલા તે બાબતનુ છે જે બે પંચો રુબરુ કરેલુ અને આરોપીને કોઈ ઈજાના નિશાન જણાયેલા નહિ જેમા બે પંચોની સહી તેમજ રુબરુ તરીકે પોતાની સહી છે.

૧૬.૧. આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલી છે , તેમાં કબુલ કરે છે કે, ભોગબનનારના માતૃશ્રી ફરીયાદીની પત્ની થાય છે અને સાહેદ રાજેશ ઝા,અનિલ ગુલાબરાવ, જાસ્મીન પટેલ તમામ એક જ કંપનીમા નોકરી કરે છે અને પંચ જયંતિભાઈ ઇન્દ્રદેવ તેમજ સ્મણભાઈ ચંદ્રસિહ સોઢા ફરીયાદીની કંપનીમા નોકરી કરતા હતા અને કંપનીમા અને ટાઉનશીપમા સી.સી.ટી.વી.કેમેરા છે અને બનાવ સમયે ફરીયાદી અને સાહેદો તમામ નોકરી ઉપર હતા. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે ફરીયાદીના પત્ની પોતાના ઘરમા હતા. નજરે જોનાર કોઈ સાહેદોના નિવેદનો લીધેલા ન હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, આરોપી અને તેની પત્ની પણ xxx કંપનીમા નોકરી કરતા હતા. બનાવના દિવસે આરોપી કંપનીમા નોકરી ઉપર હોવાનો કે, બનાવ કેટલા વાગે બનેલો તે ફરીયાદી,સાહેદ કે ભોગ બનનારે

પોતાની સમક્ષ જણાવેલ ન હોવાનો ઈન્કાર કરે છ. કબુલ કરે છે કે, આરોપી અને તેની પત્ની એક જ ઘરમા રહેતા હતા, બનાવ સમયના ટાઉનશીપના કેમેરા અમે કબજે કરેલા નહિ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બનાવ બનેલ તે જગ્યાએ કોઈ સી.સી.ટી.વી.કેમેરા લાગેલ નહિ. કબુલ કરે છે કે, ટાઉનશીપના સી.સી.ટી.વી.કેમેરા કબજે કરેલા નહિ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, ટાઉનશીપ ખુબ જ મોટી હોય જેથી તપાસના કામે કબજે કરેલા નથી. પોતે તૈયાર પંચનામા ઉપર પંચોની સહીઓ કરાવેલી હોવાનો ઈન્કાર કરે છે, કબુલ કરે છે કે, બનાવના સમયે આરોપીના કંપનીના હાજરી રજીસ્ટર કબજે કરેલ નથી. બનાવ સમયે આરોપી નોકરી ઉપર હોવાનો કે ભોગબનનાર બનાવ સમયે xxx ઘરે ટયુશનમા હોવાનો કે આરોપીની પત્ની અને ફરીયાદીની પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતા હોવાનું પોતાની તપાસ ખુલેલ હોવાનો કે આરોપીના પત્ની તથા ફરીયાદીની પત્ની વચ્ચે વારંવાર ઝઘડા થતા હોય આરોપીને ડીસમીસ કરવા માટે ખોટી ફરીયાદ આપેલ હોવાનો કે પોતે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા ન હોવાનો કે ફરીયાદીના પડોશીઓના નિવેદન પણ મેળવેલ ન હોવાનો કે બનાવના દિવસે આરોપી રહેઠાણના સ્થળે ૦૬.૦૦ વાગ્યા સુધી આવેલો ન હોવાનો કે આરોપી વિરુધ્ધ ખોટા પુરાવા આધારે ચાર્જશીટ કરેલી છે. એ વાત ખરી છે કે ભોગ બનનારનું જન્મનુ પ્રમાણપત્ર કબજે કરેલ હોવાનો ઈન્કાર કરે છે. કબુલ કરે છે કે, બનાવના દિવસે અનીલ ગુલાબરાવ ટીપલેનું નિવેદન લીધેલું નહી અને અનીલ ગુલાબ

રાવ ટીપલે સાથે ફરીયાદીને એફ.આઇ.આર.ના એક દિવસ પહેલા વાત થયેલી એવું નિવેદનમાં હકીકત બહાર આવેલી. ફરીયાદીને આરોપી સાથે અંગત અદાવત હોય અને આરોપીને કંપનીમાંથી નોકરીમાંથી કઢાવવા માટે ખોટી ફરીયાદ આપી ખોટું ચાર્જશીટ કરેલ હોવાનો કે , સોંગદ ઉપર ખોટી જુબાની આપતા હોવાનો ઈન્કાર કરે છે.

૩૦. ઉપરોકત પ્રોસીકયુશનના સાહેદોના પુરાવાને ધ્યાને લેવામાં આવે તો, ફરીયાદી કે જે ભોગબનનારના પિતા છે તે સાહેદ નં.૧ તરીકે તેના પુરાવામાં બનાવ તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ બન્યાનું અને આરોપીએ ભોગબનનારનો હાથ પકડી તેને કીસ કરી, શરીર ઉપર સ્પર્શ કરી જબરજસ્તી કરેલી જેથી ભોગબનનાર આરોપીને ધકકો મારીને બહાર નીકળી ગયેલી, તેમ જણાવી પુરાવો આપે છે અને ભોગબનનારનો આંક–૨૮નો સાહેદ નં.૬ તરીકેનો ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો પુરાવો જોતાં તે પણ બનાવ તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ બનેલો અને પોતે ટયુશનમાંથી ૫.૩૦ આવ્યા બાદ દસ પંદર મીનીટ બાદ આરોપીના ઘરે ઇંડા લેવા ગયેલી ત્યારે આરોપીએ દરવાજો ખોલેલો અને ભોગબનનાર તેના ઘરમાં ગયેલી ત્યારે આરોપી એકલા હતા, પોતે અંદર ગઇ ત્યારે આરોપીએ ભોગબનનારને ઇંડા લાવીને આપ્યા, ઇંડા વધારે હોવાથી આરોપીએ પોતાને પ્લેટ લાવવા ઉભા રહેવા કહેલ અને પોતે વધારાના ઇંડા લેવા નીચે વળી ત્યારે

આરોપીએ ભોગબનનારનો હાથ પકડેલો અને ભોગબનનાર સાથે જબરજસ્તી કરેલી અને ભોગબનનારે તેમને ધકકો મારી દીધેલો અને ઘરે આવી ગયેલી તેમ જણાવે છે અને આ બનાવની વાત ઘરે આવ્યા બાદ પોતાના મમ્મીને જણાવ્યાનું પણ જણાવે છે અને માતૃશ્રીએ ભોગબનનારના પપ્પાને ફોન કરીને જાણ કરેલી તેમ જણાવે છે અને ભોગબનનારના માતૃશ્રીનો આંક–૨૦ નો સાહેદ નં.૨ તરીકેનો પુરાવો જોતાં તે પણ તેના પુરાવામાં બનાવ તા.૧૩/૧૨/૨૦૨૧ના સાંજે સાડા પાંચથી છ વાગ્યાના અરસામાં પોતે ઘરે હતી તે સમયે પોતાની ભોગબનનાર દિકરી પોતાની પાસે રડતી આવેલી અને જણાવેલ કે, આરોપીએ ભોગબનનારનો હાથ પકડેલો અને તેના શરીરના અંગોને સ્પર્શ કરી જબરજસ્તીથી કીસ કરેલી અને પોતે પતિને ફોનથી બનાવની જાણ કરેલી તે બાબતે પુરાવો આપે છે આ ત્રણેય સાહેદોનો પુરાવો જોવામાં આવે તો, એક બીજાને સમર્થનકારક પુરાવો છે અને ભોગબનનાર નો સાહેદ નં.૬ તરીકેનો આંક–૨૮નો પુરાવો જોતાં, ભોગબનનાર તેના પુરાવામાં આરોપીએ હાથ પકડયાનું, જબરજસ્તી કર્યાનું અને પોતે તેમને ધકકો મારી દીધેલ અને ઘરે આવી ગયાનું જણાવે છે અને આ ભોગબનનારનું ઉપરોકત પેરા નં.૨૬ માં જણાવેલ ક્રિ.પ્રો.કોડની કલમ–૧૬૪નું આંક–૨૯ નું નિવેદન જોવામાં આવે તો, તેમાં ભોગબનનાર ઉપરોકત રીતે નિવેદનમાં જણાવ્યા પ્રમાણે જણાવે છે અને તેમાં આરોપીએ પકડીને હગ કર્યાનું કીસ કર્યાનું પણ જણાવે છે અને ભોગબનનારનો સોંગદ ઉપરનો આંક–૨૮નો પુરાવો

જોતાં તેમાં ભોગબનનાર સ્પષ્ટ રીતે કીસ કર્યાની હકીકત અને હગ કર્યાની હકીકત જણાવતા નથી પરંતુ ભોગબનનાર સ્પષ્ટ જણાવે છે કે, આરોપીએ તેમનો હાથ પકડી લીધેલ અને પોતાની સાથે જબરજસ્તી કરેલી અને પોતે તેમને ધકકો મારી દીધેલો આ ભોગબનનારનો પુરાવો જોતાં ભોગબનનાર જણાવે જ છે કે, તેમનો હાથ પકડી લીધેલો અને તેની સાથે જબરજસ્તી થયેલ છે જેથી ભોગબનનાર સાથે આરોપીએ આ જે ઉપરોકત કૃત્ય કરેલ છે તે ભોગબનનાર જણાવે છે અને મહત્વની રીતે જોવામાં આવે તો, ભોગબનનારે તુરત જ તેમના માતૃશ્રીને સાહેદ નં.રને આ બનાવની વાત કરેલ છે અને તે પણ ભોગબનનાર રડતી આવીને વાત કરેલ છે અને ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.ર એ પણ તેના ઉપરોકત પુરાવામાં ભોગબનનારે જણાવેલ બનાવની હકીકત જણાવેલ છે અને ભોગબનનારના માતૃશ્રીનો પુરાવો પણ ભોગબનનારના પુરાવાને સમર્થન કરે છે અને ભોગબનનારના માતૃશ્રીનો પુરાવો ખોટો પુરાવો હોય તેવું જણાતું નથી અને બનાવની તુરત જ ભોગબનનારે રડતી આવીને તેમને જાણ કરેલ છે અને બનાવની હકીકત જણાવેલ છે અને નામદાર ગુજરાત હાઈકોર્ટનો ૨૦૧૯(૦) એઆઈજેઈએલ–એચસી ૨૩૦૩૦૨, રંજનબેન મહેશભાઈ વસાવા વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો ધ્યાને લેતા તેમાં જણાવેલ છે કે, “18. We also take notice of one another incriminating circumstance emerging from the evidence on record. The mother of the victim, in her evidence, has deposed that the victim came home running very much

frightened and disclosed before her about the act alleged to have beencommitted by the accused. As noted above, this, in fact, has been brought on record by the defence itself that the victim came home crying and was very much frightened. Thus, something happened inside the house of the accused and as soon as the victim was able to get herself released from the clutches of the accused, she ran straight to her home and disclosed about the incident before her mother. The statement of the victim shortly after the incident is admissible under section 6 of the Evidence Act as "res gestae". 19. The subject treated in English and American books under the head of 'Res Gestae' is found spread over Sections 6, 7, 8 and 9 and partially over Section 14 of the Indian Evidence Act. Sir James Stephen defined 'res gestae' as a group of facts so connected together as to be referred to by a single name, as a crime, a contract, a wrong or any other subject of enquiry which may be in issue. The rule of the evidence is admit res gestae and exclude res inter alios. Illustrations deducible from the decided cases reveal that a statement of wife: immediately upon a hurt received and before she had time to devise anything to her own advantage, was held admissible. The statement of a victim shortly after he sustained injuries that the accused inflicted them was held admissible under Section 6. State of excitement may well continue to exist after the exciting fact has ended and it is this human factor that renders declaration made under excitement admissible in proof of the exciting fact. The declaration, though subsequent to the occurrence, is yet held admissible because the Judge of fact is persuaded to accept the assumption that the influence of the exciting fact continued till the declaration was

made, there being proximity of time between the exciting fact and the declaration. The test is to exclude the possibility of fabrication or the possibility of anything having been devised to one's own advantage, meaning thereby that there was a substantial contemporaneity between the declaration and the fact though the declaration may be made during or immediately before or after its occurrence. If a Judge of fact is convinced that the interval, howsoever slight, between a declaration and the fact, is one that probabilised fabrication, the declaration ceases to be part of res gestae. On the contrary, the interval, not short, but is such as permits deduction of an inference that declarant was stilt under excitement of the fact, the declaration would be part of res gestae.

20. The requirement of section 6 of the Evidence Act is that the statement must have been made contemporaneously with the act or immediately after it and not at such an interval of time as to make it a narrative of the past events or to allow time for fabrication. It, therefore, follows that the statements by the victim to her mother were spontaneous. They were made when she was still under excitement of the incident that had taken place with her. She was very much frightened and was crying. The statements would certainly be admissible under sections 6 and 8, Illus. (J) of the Evidence Act. Situations may rise where a statement though not admissible under section 6, may yet be admissible under section 8 as evidence of the conduct or as a former statement corroborating the testimony of a witness under section 157 of the Evidence Act. It can be said that the statement of the victim made to her mother is admissible under sections 6 and 8 of the Evidence Act. Yet, we

hasten to add that even if the statement would have been excluded from consideration under section 6 of the Evidence Act, it would certainly be admissible under section 157 of the Evidence Act.”

૩૦.૧. આ ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે અને આ કામે પણ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે ભોગબનનારે રડતી આવીને તુરત જ બનાવની હકીકત સાહેદ નં.ર એટલે કે, ભોગબનનારના માતૃશ્રીને જણાવેલ છે અને ભોગબનનારના માતૃશ્રીએ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો પુરાવો આપેલ છે જે પુરાવો જોવામાં આવે તો, આ પુરાવો ભોગબનનાર અને તેના માતૃશ્રીએ પાછળથી ખોટો ઉભો કર્યો હોય તેવું જણાતું નથી અને ભોગબનનારે રડતી આવીને તુરત જ બનાવની વાત તેમના માતૃશ્રીને કરેલ છે જેથી ભોગબનનારના માતૃશ્રીનો આ પુરાવો પુરાવામાં ગ્રાહય છે અને પુરાવા કાયદાની કલમ–૬ અને ૮, ઈલ્યુસ્ટ્રેશન 'જે' જોતાં અને કલમ–૧૫૭ ની જોગવાઈઓ ધ્યાને લેતા અને ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેતા ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.ર નો પુરાવો તે રીતે પુરાવામાં ગ્રાહય છે અને ભોગબનનારનો પુરાવો વિશ્વસનીય જણાય છે અને ભોગબનનારના પુરાવાને ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેતા સાહેદ નં.ર ભોગબનનારના માતૃશ્રીના પુરાવાનું તથા ફરીયાદી સાહેદ નં.૧ ના પુરાવાનું સમર્થન મળે છે અને ફરીયાદી સાહેદ નં.૧ ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.ર તથા ભોગબનનાર સાહેદ નં.૬ ની ઉલટતપાસનો પુરાવો જોતાં

તેમાંથી આરોપીને મદદરૂપ થાય તેવી હકીકતો સ્પષ્ટ રીતે રેકર્ડમાં આવતી નથી તે પણ જણાય છે .

૩૧. ઉપરોકત હકીકતે કરેલ ચર્ચા અને ભોગબનનાર સાહેદ નં.૬ અને ભોગબનનારના પિતા સાહેદ નં.૧ અને ભોગબનનારની માતા સાહેદ નં.૨ નો પુરાવો જોતાં તે વિશ્વનસીય જણાય છે જેથી પુરાવામાં નાની–નાની વિસંગતતાઓ ધ્યાને ન લેવાય અને આ બાબતે નામ.સુપ્રિમ કોર્ટનુ ક્રિમીનલ અપીલ નં.૧૦૬૬/૨૦૦૯ મલ્લિકાઅર્જુન અને અન્ય વિરૂધ્ધ સ્ટેટ ઓફ કર્ણાટકનો તા.૦૮/૦૮/૨૦૧૯નો ચુકાદો ધ્યાને લેતા તેમાં જણાવેલ છે કે,

14. Observing that minor discrepancies and inconsistent version do not necessarily demolish the prosecution case if it is otherwise found to be creditworthy, in Bakhshish Singh v. State of Punjab and another (2013) 12 SCC 187, it was held as under:-

32. In Sunil Kumar Sambhudayal Gupta v. State of Maharashtra (2010) 13 SCC 657 this Court observed as follows: (SCC p. 671, para 30) “30. While appreciating the evidence, the court has to take into consideration whether the contradictions/omissions had been of such magnitude that they may materially affect the trial. Minor contradictions, inconsistencies, embellishments or improvements on trivial matters without effecting the core of the prosecution case should not be made a ground to reject the evidence in its entirety. The trial court, after going through the entire evidence,

must form an opinion about the credibility of the witnesses and the appellate court in normal course would not be justified in reviewing the same again without justifiable reasons. (Vide State v. Saravanan (2008) 17 SCC 587.)"

33. … this Court in Raj Kumar Singh v. State of Rajasthan (2013) 5 SCC 722 has observed as under: (SCC p. 740, para 43) "43. … It is a settled legal proposition that, while appreciating the evidence of a witness, minor discrepancies on trivial matters, which do not affect the core of the case of the prosecution, must not prompt the court to reject the evidence thus provided, in its entirety. The irrelevant details which do not in any way corrode the credibility of a witness, cannot be labelled as omissions or contradictions. Therefore, the courts must be cautious and very particular in their exercise of appreciating evidence. The approach to be adopted is, if the evidence of a witness is read in its entirety, and the same appears to have in it, a ring of truth, then it may become necessary for the court to scrutinise the evidence more particularly, keeping in mind the deficiencies, drawbacks and infirmities pointed out in the said evidence as a whole, and evaluate them separately, to determine whether the same are completely against the nature of the evidence provided by the witnesses, and whether the validity of such evidence is shaken by virtue of such evaluation, rendering it unworthy of belief."

ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત આ કામનું રેકર્ડ ધ્યાને લેતા નાની નાની વિસંગતતાઓ ધ્યાને ન લેવાય અને ભોગબનનાર સાહેદ

નં.૬, ફરીયાદી સાહેદ નં.૧, ભોગબનનારની માતા સાહેદ નં.૨નો પુરાવો વિશ્વસનીય જણાય છે.

૩૨. ઉપરોકત કરેલ ચર્ચા ધ્યાને લેવામાં આવે તો, આરોપી તરફે દલીલમાં બચાવ લેવામાં આવેલ છે કે, ફરીયાદીના પત્ની અને આરોપીના પત્ની વારંવાર ઝઘડા થતાં હોય જેથી ખોટી ફરીયાદ કરેલ છે, પરંતુ પડેલ પુરાવો અને ઉપરોકત કરેલ ચર્ચા જોતાં આરોપીની આ તકરાર ખરી જણાતી નથી અને આ દલીલ ટકવાપાત્ર જણાતી નથી.

૩૩. ઉપરોકત હકીકતે જોવામાં આવે તો, ફરીયાદી સાહેદ નં.૧ તેના આંક–૧૭ના પુરાવામાં પોતે પોતાની કંપનીના એડમીનીસ્ટ્રેટીવ ડીપાર્ટમેન્ટે પોલીસને જાણ કરેલી જેથી લુવારા પોલીસ સ્ટેશનથી આશરે રાત્રીના સાડા દસ વાગે પોલીસના માણસો પોતાના ઘરે આવેલા અને અમારી પુછપરછ કરેલી અને ફરીયાદ લખી લીધેલી તેમ જણાવે છે અને વધુમાં જણાવે છે કે, બીજા દિવસે પોલીસ વાળાઓ એ પોતાની ફરીયાદ કોમ્પ્યુટર ઉપર ટાઇપ કરીને લઇ આવેલા જેના ઉપર પોતે ફરીથી સહી કરેલી જે કોમ્પ્યુટરાઇઝ ફરીયાદ આંક–૧૮ થી રજુ કરે છે અને ઉલટતપાસમાં તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ પોતાના દ્વારા પોલીસને કોઇ ફરીયાદ કરવામાં આવેલ ન હોવાનો ઈન્કાર કરે છે, આ ફરીયાદીનો પુરાવો જોવામાં આવે તો, તેની કંપની તરફથી પોલીસને જાણ કર્યાનું અને રાતે જ પોલીસ આવી ગઇ અને પુછપરછ

કર્યાનું અને ફરીયાદ લખી લીધેલાનું જણાવે છે અને બીજે દિવસે ફરીયાદ કોમ્પ્યુટર ઉપર ટાઇપ કરીને પોલીસ લાવેલ, તેમાં ફરીથી સહી કર્યાનું જણાવે છે અને આ કામે આંક–૧૮ થી કોમ્પ્યુટર ઉપર ટાઇપ કરેલી ફરીયાદ રજુ થયેલ છે જે ઇ/ચા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી દહેજ મરીન પોલીસ સ્ટેશને લીધેલી છે અને આ ફરીયાદીની ઉલટતપાસ આરોપી તરફે થયેલી છે, તેમાં આરોપીને મદદરૂપ થાય તેવી સ્પષ્ટ હકીકતો રેકર્ડમાં આવતી નથી અને આંક–૧૮ ની ફરીયાદ તા.૧૪/૧૨/૨૦૨૧ના રોજની છે અને ફરીયાદી પણ જણાવે છે કે, બીજા દિવસે કોમ્પ્યુટર ઉપર ટાઇપ કરેલી ફરીયાદ પોલીસ લાવેલ આ પુરાવાને સાથે ધ્યાને લઇ જોવામાં આવે તો, પોલીસ બનાવના દિવસે આવીને ફરીયાદી પાસેથી બનાવની માહીતી મેળવી હોય અને તે બાબતે પુછપરછ કરી હોય અને બીજે દિવસે કોમ્પ્યુટર ઉપર ટાઇપ કરેલી ફરીયાદ લાવીને ફરીયાદીની સહી ફરીયાદમાં લીધેલ હોય તે અનુમાન થઇ શકે અને તે રીતે ફરીયાદીએ તા.૧૪/૧૨/૨૦૨૧ના રોજ ફરીયાદ આપેલ હોય તેવું પડેલ પુરાવો જોતાં જણાય છે અને જે બનાવ છે, તે બનાવ જોવામાં આવે તો, ભોગબનનાર સાથે બનેલો છે તેની અસર ભોગબનનાર, તેના કુટુંબીજનો ઉપર હોય અને સામાજીક રીતે અસર કરતો બનાવ છે અને ફરીયાદી ભોગબનનારના પિતા છે અને બનાવનો સમયગાળો તા.૧૩/૧૨/૨૦૨૧ સાંજના ૫.૩૦ થી સાંજના ૬.૦૦ દરમ્યાનનો હોવાનું પુરાવામાં આવે છે અને તેની આંક–૧૮ની લેખીત ફરીયાદ તા.૧૪/૧૨/૨૦૨૧ એ દાખલ થયેલ છે

અને નામદાર સુપ્રીમ કોર્ટના ક્રિમીનલ અપીલ નં.૪૪/૨૦૦૨, તા.૧૧/૧૧/૨૦૦૮ સ્ટેટ ઓફ એચ.પી. વિરૂધ્ધ પ્રેમસીંગના ચુકાદામાં નામ.સુપ્રીમ કોર્ટે પેરા નં.૬માં જણાવેલ છે કે,

6. So far as the delay in lodging the FIR question is concerned, the delay in a case of sexual assault, cannot be equated with the case involving other offences. There are several factors which weigh in the mind of the prosecutrix and her family members before coming to the police station to lodge a complaint. In a tradition bound society prevalent in India, more particularly, rural areas, it would be quite unsafe to throw out the prosecution case merely on the ground that there is some delay in lodging the FIR.

તેમજ નામ.સુપ્રીમ કોર્ટના 2009 (0)AIJEL-SC 43314 સત્યપાલ વિ. સ્ટેટ ઓફ હરીયાણાનો ચુકાદો જોતાં, તેમાં જણાવેલ છે કે, 20. This Court can take judicial notice of the fact that ordinarily the family of the victim would not intend to get a stigma attached to the victim. Delay in lodging the First Information Report in a case of this nature is a normal phenomenon.

૩૪. ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને લેવામાં આવે અને હાલના બનાવને કારણે ભોગબનનારના કુટુંબીજનો ઉપર જે માનસીક અસર થયેલ હોય અને સામાજીક રીતે જે અસર થાય તે ધ્યાને લેતા અને બનાવ જે છે તે ધ્યાને લેતા અને ઉપરોકત ચુકાદાનો સિધ્ધાંત ધ્યાને

લેતા ફરીયાદી તરફે તા.૧૪/૧૨/૨૦૨૧ના રોજ આંક–૧૮ની ફરીયાદ થયેલ છે એટલે કે બીજે દિવસે ફરીયાદ દાખલ થયેલ છે તેનાથી આરોપીને કોઈ લાભ મળવાપાત્ર જણાતો નથી.

૩૫. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો, ફરીયાદી સાહેદ નં.૧, ભોગબનનારના માતૃશ્રી સાહેદ નં.૨ અને ભોગબનનાર સાહેદ નં.૬ નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, બનાવ તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ સાંજના ૫.૩૦થી સાંજના ૬.૦૦ દરમ્યાન બન્યાનું રેકર્ડમાં પુરાવામાં આવે છે અને બનાવવાળી જગ્યા બાબતે પુરાવો જોવામાં આવે તો ફરીયાદી સાહેદ નં.૧ જે ઉપરોકત પુરાવો આપેલ છે, તેમાં તે આરોપીના ઘરે બનાવ બન્યાનું જણાવે છે, તેમજ સાહેદ નં.૨ ભોગબનનારના માતૃશ્રીનો પુરાવો જોતાં, તે ઉપરોકત રીતે પુરાવામાં જણાવે છે તેમજ ભોગબનનાર સાહેદ નં.૬નો પુરાવો ધ્યાને લેવામાં આવે તો, આરોપીના ઘરે બનાવ બન્યાનું જણાવે છે અને આ કામે આંક–૨૨ થી સાહેદ નં.૩ જયંતભાઈ ઈન્દ્રવદન કેસરીનો પુરાવો જોવામાં આવે તો, તે આંક–૨૩ના ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ છે અને આ બનાવવાળી જગ્યા આંક–૨૩ નું ગુનાવાળી જગ્યાનું પંચનામું જોતાં તેમાં બ્લોક નંબર દર્શાવેલ છે અને તે આરોપીનું રહેણાંકનું ઘર છે અને સાહેદ નં. ૩ તેના પુરાવામાં આંક–૨૩ના ગુનાવાળી જગ્યાના પંચનામાને સમર્થન કરતો પુરાવો આપે છે અને આ સાહેદની ઉલટતપાસ આરોપી તરફે વિ.વકીલશ્રીએ કરેલ છે જેમાં

આરોપી ને મદદરૂપ થાય તેવી હકીકતો ઉલટતપાસમાં રેકર્ડમાં આવતી નથી અને સાહેદ નં.૪ રાજેશકુમાર વિભુતીભુષણ ઝાનો આંક–૨૪નો ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો પુરાવો જોતાં તેમણે તેના પુરાવામાં પોતાને ફરીયાદી સાહેદ નં.૧ એ બનાવની વાત કર્યાનું જણાવે છે અને સાહેદ નં.૧ ભોગબનનારના પિતા છે અને આ સાહેદનો પુરાવો જોતાં તેમને તેમના એચ.આર. હેડ અનીલ ટીપલેનો ફોન આવેલ તેમ જણાવે છે અને આ સાહેદ આરોપીને ઓળખી બતાવે છે અને આરોપી તથા તેમના પત્ની પણ આ સાહેદની કંપનીમાં નોકરી કરે છે અને પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૯ તરીકે અનીલ ગુલાબ રાવ ટીપલેનો આંક–૪૩ થી પુરાવો થયેલ છે, આ સાહેદ તેના પુરાવામાં ભોગબનનારના પિતાએ તેમને બનાવની ફોન ઉપર વાત કર્યાનું અને તેમણે રાજેશ ઝા ને મોકલ્યાનું જણાવે છે અને આરોપીને આંક–૪૪ ના લેટરથી ટર્મીનેટ કર્યાનું જણાવે છે અને તેનો પુરાવો જોતાં કલોઝ ૭ મુજબ આરોપીને ટર્મીનેટ કર્યાનું અને કલોઝ ૭ જણાવે છે કે, કોઇ મીસ કંન્ડકટ કરે તો તેને કાઢી શકાય અને આરોપીને ટર્મીનેટ કર્યાનું આ સાહેદ પુરાવામાં જણાવે છે અને આ સાહેદ કબુલ કરે છે કે, આરોપી અને ફરીયાદી ઉપર નીચે રહે છે અને સાહેદ નં.૧ ફરીયાદી તથા સાહેદ નં.૨ ભોગબનનારના માતૃશ્રી અને સાહેદ નં.૬ ભોગબનનારનો પુરાવો જોવામાં આવે અને સાહેદ નં.૩ જયંતભાઇ ઇન્દ્રવદન કેસરીનો પુરાવો અને આંક–૨૩ નું ગુનાવાળી જગ્યાનું પંચનામું ધ્યાને લેવામાં આવે તો ફરીયાદી અને આરોપી

ઉપર–નીચે બંને નજીકમાં રહે છે તે પણ પડેલ પુરાવો જોતાં જણાય છે, તેમજ પ્રોસીકયુશન તરફે સાહેદ નં.૫ તરીકે આંક–૨૭ જાસ્મીનભાઇ નટવરભાઇ પટેલનો ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો પુરાવો થયેલ છે, આ સાહેદનો પુરાવો જોતાં, તેમને કંપની એ.જી.એમ. રાજેશ ભાઇ ઝા એ ફોન ઉપર હાલના બનાવની હકીકત જણાવેલ હોવા બાબતનો પુરાવો આપે છે અને આ સાહેદ ફરીયાદીના ઘરે ગયેલ અને ફરીયાદીએ તેમને બનાવની હકીકત જણાવેલી અને તે ફરીયાદી સાથે દહેજ મરીન પોલીસ સ્ટેશને ફરીયાદ કરવા ગયેલ છે અને આ સાહેદ આરોપીને ઓળખે છે તેમ જણાવે છે અને આ સાહેદના પુરાવામાં બચાવ પક્ષે આરોપીની ઓળખની તકરાર નથી તેવું જણાવેલ છે, આ સાહેદના પુરાવાને સાથે ઘ્યાને લેવામાં આવે તો ફરીયાદી સાથે ફરીયાદ કરવા ગયેલ છે તે જણાય છે અને આંક–૩૨ થી સાહેદ નં.૮ તપાસ કરનાર અધિકારી ભગીરથસિંહ નરેન્દ્રસિંહ સગરનો પુરાવો જોવામાં આવે તો, તેણે તપાસ અંગે પુરાવો આપેલ છે અને તેમની ઉલટતપાસમાં આરોપીને મદદરૂપ થાય તેવી હકીકતો સ્પષ્ટ રીતે રેકર્ડમાં આવતી નથી અને આંક–૩૦ થી ડો. રાકેશ દમણીયાભાઇ વસાવાનો પુરાવો થયેલ છે તેણે આરોપીની મેડીકલ તપાસણી કરેલ છે તે બાબતે આ સાહેદે પુરાવો આપેલ છે અને આંક–૩૧(એ) થી મેડીકલ સર્ટીફીકેટ રજુ થયેલ છે જે પોલીસ યાદીના અનુસંધાને આરોપીને મેડીકલ તપાસ કરેલી હોવાનું આંક–૩૧(એ)ના મેડીકલ સર્ટીફીકેટમાં જણાવેલ છે અને આરોપીની

તા.૧૪/૧૨/૨૦૨૧ના રોજ મેડીકલ તપાસ થયેલ છે, આ તમામ પુરાવાને સાથે ધ્યાને લેવામાં આવે તો બનાવ ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણે તા.૧૩/૧૨/૨૦૨૧ના રોજ સાંજે ૫.૩૦ થી સાંજના ૬.૦૦ વાગ્યે એટલે કે તા.૧૩/૧૨/૨૦૨૧ના ૧૭.૩૦ થી ૧૮.૦૦ દરમ્યાન આરોપીના ઘરમાં બનેલ હોવાનું પડેલ પુરાવો જોતાં જણાય છે અને આ બનાવમાં પ્રોસીકયુશન આરોપીની ઓળખ પણ પ્રસ્થાપિત કરી શકેલ છે અને તે રીતે ઓળખ પુરવાર કરી શકેલ છે તે પણ પડેલ પુરાવો જોતાં જણાય છે અને જાતીય ગુનાથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૨૯ અને ૩૦ નીચેના અનુમાનની જોગવાઈ સાથે ધ્યાને લેવામાં આવે અને ઉપરોકત કરેલ ચર્ચા, પુરાવો ધ્યાને લેતા પ્રોસીકયુશન ફન્ડામેન્ટલ ફેકટસ નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે અને પડેલ પુરાવો અને કરેલ ચર્ચા ધ્યાને લેતા આરોપીની ગુનાહીત માનસીક સ્થીતી પણ હોવાનું જણાય છે અને ઉપરોકત સમગ્ર પુરાવો ધ્યાને લેવામાં આવે અને સાહેદ નં.૯ અનીલ ગુલાબરાવ ટીપલેનો પુરાવો જોવામાં આવે અને કરેલ ચર્ચા જોતાં આરોપીને આંક–૪૪ થી ટર્મીનેશન લેટરથી નોકરીમાંથી ટર્મીનેટ કરેલ છે અને કલોઝ ૭ મુજબ મીસ કંન્ડકટ કરે તો ટર્મીનેટ કરવામાં આવે છે તેમ જણાવે છે અને પુરાવો જોતાં આરોપીને હાલના ફરીયાદવાળા બનાવના કામે નોકરીમાંથી પણ ટર્મીનેટ કરેલ હોય તેવું પુરાવો જોતાં જણાય છે અને જાતીય ગુનાથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૨૯,૩૦માં વિરૂધ્ધનું પુરવાર કરવાનો બોજો આરોપી

ઉપર છે તે પણ આરોપી તે બોજો ડીસ્ચાર્જ કરી શકેલ નથી અને આરોપીનો કોઇ પ્રોબેબલ બચાવ પણ જણાતો નથી અને આરોપી દલીલમાં તકરાર લે છે કે , સી.સી.ટી.વી. કબજે કરેલ નથી પરંતુ બનાવવાળી જગ્યા તે આરોપીનું ઘર છે ત્યાં સી.સી.ટી.વી. હોવાનો કોઇ પુરાવો નથી અને કંપની તથા ટાઉનશીપના સી.સી.ટી.વી. કબજે કરવાથી કંઇ હેતુસરે તેમ નથી જેથી આરોપીની તે દલીલ પણ ટકવાપાત્ર જણાતી નથી અને આરોપી તરફે પુરાવા કાયદાની કલમ–૩ અને ૪ મુજબ હકીકત પુરવાર થતી નથી તેવી દલીલ કરે છે, પરંતુ ઉપરોકત કરેલ ચર્ચા તેમજ જાતીય ગુનાથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૨૯,૩૦ની જોગવાઇ ધ્યાને લેતા અને પ્રોસીકયુશન ઉપરોકત કરેલ ચર્ચાની રીતે ફન્ડામેન્ટ ફેકટસ નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે જેથી આરોપીની દલીલ ટકવાપાત્ર જણાતી નથી.

૩૬. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો,પ્રોસીકયુશન ભોગબનનારની જન્મ તા.૦૭/૦૩/૨૦૦૯ હોવાનું નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે અને કરેલ ચર્ચા અને રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લેતા બનાવ તા.૧૩/૧૨/૨૦૨૧ના સાંજના ૫.૩૦ થી સાંજના ૬.૦૦ દરમ્યાન બન્યાનું પણ પડેલ પુરાવો જોતાં જણાય છે અને તે રીતે પ્રોસીકયુશન પુરવાર કરી શકેલ છે જેથી બનાવ વખતે ભોગબનનાર ૧૮ વર્ષથી નીચેની ઉંમરની હોવાનું અને તે રીતે સગીર

ઉંમરની હોવાનું પણ પડેલ પુરાવો જોતાં જણાય છે અને તે રીતે જાતીય ગુનાથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૨(ડી) મુજબ ભોગબનનાર બાળકી હોવાનું પ્રોસીકયુશન નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે તે ધ્યાને રાખી આ કામે જે આરોપી સામે આક્ષેપીત ગુનો છે તે જોવામાં આવે અને ઇ.પી.કો. કલમ– 354(A)(1)(i) ના ભંગ બદલ 354(A)(2) તથા જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ– 7 ના ભંગ બદલ 8ની જોગવાઇઓ જોવામાં આવે અને આરોપી સામે જે આક્ષેપીત ગુનો છે અને પ્રોસીકયુશનના સાહેદોનો જે પુરાવો આવેલ છે તે જોવામાં આવે તો, આરોપીએ તા.૧૩/૧૨/૨૦૨૧ના સાંજના ૫.૩૦ થી સાંજના કલાક ૬.૦૦ દરમ્યાન બનાવવાળી જગ્યા એટલે કે આરોપીના ઘરમાં ભોગબનનાર આવેલ ત્યારે આરોપીએ જાતીય ઈરાદાથી ભોગબનનારનો સંપર્ક કરી ભોગબનનારને સ્પર્શ કરેલ અને ભોગબનનારની ઈચ્છા વિરૂધ્ધ ભોગબનનારનો હાથ પકડીને ભોગબનનારની જાતીય સતામણી કરેલ અને આરોપીએ ભોગબનનારનો શારીરીક સંપર્ક કરી અને ભોગબનનારનો હાથ પકડી ભોગબનનાર ઉપર જબરજસ્તી કરીને ભોગબનનારને સ્પર્શ કરીને તે રીતે શારીરીક સંપર્કથી ભોગબનનારને શારીરીક અડાપલા કરીને ભોગબનનાર ઉપર જાતીય હુમલો કર્યાનું પણ પડેલ પુરાવો જોતાં પુરાવામાં જણાય છે અને તે રીતે આરોપીએ ભોગબનનારની જાતીય સતામણી કરેલ હોય અને જાતીય હુમલો પણ કરેલ છે તે હકીકત અને

તે બનાવ પ્રોસીક્યુશન નિ:શંકપણે પુરવાર કરી શકેલ છે જેથી આરોપીએ ઈ.પી.કો. કલમ– 354(A)(1)(i) ના ભંગ બદલ 354(A)(2) જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ- 7 ના ભંગ બદલ 8 મુજબનો ગુનો કરેલ હોવાનું પ્રોસીક્યુશન નિ:શંક પણે પુરવાર કરી શકેલ છે જેથી આરોપીને ઈ.પી.કો. કલમ– 354(A)(1)(i) ના ભંગ બદલ 354(A)(2) જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ- 7 ના ભંગ બદલ 8 મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપી જામીન ઉપર હોય આરોપીના જામીન, જામીન ખત અને જાતમુચરકા રદ કરીને આરોપીને જયુડીશ્યલ કસ્ટડીમાં લેવાનો હુકમ કરવામાં આવે છે અને ઉપરોકત કરેલ ચર્ચાની રીતે મુદા નં.૧ અને ૨ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે અને આરોપીને ઉપરોકત જે તકસીરવાન ઠરાવેલ છે તે ગુનામાં આરોપીને સજા અંગે સાંભળવા માટે રાખવામાં આવે છે.

આ હુકમ આજરોજ તા.૦૮ માહે મે સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તા.૦૮/૦૫/૨૦૨૬
ભરૂચ.

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી. સેસન્સ જજ
અને સ્પે. પોકસો જજ, ભરૂચ.
(U.I.CODE-GJ00659)

## <u>આરોપીની વિગત :–</u>

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોય તો તેની તારીખ | કયા ગુનાનો આક્ષેપ છે | નિર્દોષ છોડવામાં આવ્યા છે કે કસુરવાર | શું સજા કરી | સીઆર પીસી ની કલમ–૪૨૮ મુજબ ટ્રાયલ પડતર હોય તેવા સમય દરમ્યાન કેટલો સમય કાચા કામના કેદી તરીકે રહેલા છે. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | રોહીત મોહનભાઇ પાચાણ્ગને | ૧૪/ ૧૨/ ૨૦૨૧ | ૦૩/૦૩/ ૨૦૨૨ | ઇ.પી.કો. કલમ– 354(A)(1)(i) ના ભંગ બદલ 354(A) (2) જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ- 7 ના ભંગ બદલ | કસુરવાર | (૧) ઇ.પી.કો.કલમ– 354(A)(1)(i) ના ભંગ બદલ 354(A) (2)ના ગુનામાં બે વર્ષની સખત કેદની સજા અને રૂા.૮૦૦૦/– (અંકે રૂપિયા આઠ હજાર પુરા) નો દંડ અને દંડ ન ભરે તો વધુ છ (૬) માસની સાદી કેદની સજા. | (૧) તા.૧૪/૧૨ ૨૦૨૧ થી તા.૦૩/૦૩/ ૨૦૨૨ સુધી જયુડીશ્યલ કસ્ટડીમાં. (૨) તા.૦૮/૦૫/૨૦૨૬ના રોજ જયુડીશ્યલ કસ્ટડીમાં લીધા. |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | 8 મુજબ | | (૨)જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ- 7 ના ભંગ બદલ 8 ના ગુનામાં ચાર(૪)વર્ષ ની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) નો દંડ અને દંડ ન ભરે તો વધુ નવ (૯) માસની સાદી કેદની સજા. | |

## સજા અંગે સાંભળ્યા બાદ વધુ હુકમ

૩૭. વિ.એ.પી.પી.સુ.શ્રી.જી.વી.વ્યાસને સાંભળ્યા અને આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગનેના વિ.વકીલશ્રી એ.બી.સીપાઇને સાંભળ્યા અને આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને જણાવે છે કે, તેમના વિ.વકીલશ્રી જે દલીલ કરેલ છે તે જ તેમનું કહેવું છે.

૩૮. વિ.એ.પી.પી.સુ.શ્રી જી.વી.વ્યાસ તેની દલીલમાં રજુઆત કરે છે કે, ભોગબનનાર સાથે આ ગંભીર ગુનાહીત કૃત્ય કરેલ છે, ગંભીર ગુનો છે

જેથી કાયદામાં જણાવેલી પુરેપુરી સખત સજા અને દંડ કરવો જોઇએ અને ભોગબનનારને વળતર અપાવવું જોઇએ.

૩૯. આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને ના વિ.વ.શ્રી એ.બી.સીપાઇ તેમની દલીલમાં જણાવે છે કે, આરોપીની ઉંમર હાલ ૩૪ વર્ષ છે તે રીતે નાની ઉંમર છે અને બે બાળકો છે વૃધ્ધ માતા પિતા છે, આરોપી કમાનાર એક જ વ્યકિત છે અને આરોપીની એક પુત્રી ૬ વર્ષની છે અને એક પુત્રી ૭ મહીનાની છે અને આરોપીને દયા રાખી ઓછામાં ઓછી સજા કરવા વિનંતી કરે છે.

૪૦. ઉપરોકત રજુઆત ધ્યાને લીધી અને હાલનો, જે આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને સામેનો ગુનો છે અને તેમાં આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને દોષીત ઠરાવેલ છે તે અને બનાવની હકીકત અને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૦ અને પ્રોબેશન ઓફ ઓફેન્ડર એકટ ૧૯૫૮ની જોગવાઇને ધ્યાને લેતા અને બનાવ વખતે ભોગબનનારની ઉંમર સાથે ધ્યાને લઇ અને તેની સાથે આરોપીએ ગંભીર ગુનાહીત કૃત્ય કરેલ છે તે ધ્યાને લેતા આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને ને પ્રોબેશનનો લાભ આપવા પાત્ર જણાતો નથી.

૪૧. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે તો આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને ધ્વારા ભોગબનનાર સાથે ઉપરોકત હુકમમાં જણાવ્યા પ્રમાણે ગંભીર ગુનાહીત કૃત્ય કરેલ છે અને બનાવ વખતે ભોગબનનાર ૧૨ વર્ષ ૯ માસ અને ૬ દિવસની ઉંમરની સગીર હોય અને ત્યારે આરોપીએ આ ગંભીર ગુનાહીત કૃત્ય કરેલ છે અને ભોગબનનારની જાતીય ઈરાદાથી જાતીય સતામણી કરેલ અને ભોગબનનાર ઉપર જાતીય હુમલો કરેલ અને પ્રોસીકયુશને આરોપી રોહીત મોહનભાઈ પાચાન્ગને સામે ઉપરોકત રીતે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરેલ છે અને સમાજ વ્યવસ્થાને અને સામાજીક રીતે અસર કરતો ગુનો છે અને સાથે એ.આઈ.આર. ૧૯૭૩ સુ.કો. પાના નં.૨૨૦૦ ઉપર રીપોર્ટ થયેલ કેસ " રામનારાયણ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશ" તે કેસના પેરા –૫ના પાના નં.૨૨૦૩ ઉપર નામ.સર્વોચ્ચ અદાલતે સજાના પ્રશ્ન નીચે મુજબ માર્ગદર્શન આપેલ છે.

(5) The next question is one of sentence which is always a matter of some difficulty. It generally poses a complex problem which requires a working compromise between the competing views based on reformative, deterrent and retributive theories of punishments. Though a large number of factors fall for consideration in determining the appropriate sentence, the broad object of punishment of an accused found guilty in progressive civilized societies is to impress on the guilty party that commission of crime

does not pay and that it is both against his individual interest and also against the larger interest of the society to which he belongs. The sentence to be appropriate should, therefore, be neither too harsh nor too lenient.

૪૨. એ.આઈ.આર. ૧૯૭૬ સુ.કો. પાના નં.૩૯૨ ઉપર રીપોર્ટ થયેલ કેસ " રામઆશ્રય ચક્રવતી વિરૂધ્ધ સ્ટેટ ઓફ મધ્યપ્રદેશ" નો ધ્યાનમાં આવેલ છે. તે ચુકાદાના પાના નં.૩૯૩ પેરા નં.૬માં નીચે મુજબ નામ.સર્વોચ્ચ અદાલતે જણાવ્યું છે.

( 6 ) In judging the adequacy of a sentence the nature of the offence, the circumstances, of its commission, the age and character of the offender, injury to individuals or to society, effect of the punishment on the offender, eye to correction and reformation of the offender, are some amongst many other factors which would be ordinarily taken into consideration by courts.

૪૩. આ અદાલતે એ.આઈ.આર. ૧૯૮૮ સુ.કો. પાના નં.૨૧૨૭ ઉપર પ્રસિધ્ધ થયેલ કેસ " હરકીશન અને સ્ટેટ ઓફ હરીયાણા વિરૂધ્ધ સુખબીરસિંહ અને બીજાઓ" ના કેસમાં વળતર માટે પ્રતિપાદીત કરેલ સિધ્ધાંત લક્ષ્યમાં લીધેલ છે.

(10) SUB-SECTION (1) of Section 357 provides power to award compensation to victims of the offence out of the

sentence of fine imposed on accused. In this case, we are not concerned with sub-section (1 ). We are concerned only with sub-section (3 ). It is an important provision but Courts have seldom invoked it. Perhaps due to ignorance of the object of it. It empowers the Court to award compensation to victims while passing judgment of conviction. In addition to conviction, the Court may order the accused to pay some amount by way of compensation to victim who has suffered by the action of accused. It may be noted that this power of Courts to award compensation is not ancillary to other sentences but it is in addition thereto. This power was intended to do something to reassure the victim that he or she is not forgotten in the criminal justice system. It is a measure of responding appropriately to crime as well of reconciling the victim with the offender. It is, to some extent, a constructive approach to crimes. It is indeed a step forward in our criminal justice system. We, therefore, recommend to all Courts to exercise this power liberally so as to meet the ends of justice in a better way.

( 11 ) THE payment by way of compensation must, however, be reasonable. What is reasonable, may depend upon the facts and circumstances of each case. The quantum of compensation may be determined by taking into account the nature of crime, the justness of claim by the victim and the ability of accused to pay. If there are

more than one accused they may be asked to pay in equal terms unless their capacity to pay varies considerably. The payment may also vary depending upon the acts of each accused. Reasonable period for payment of compensation, if necessary by installments, may also be given. The Court may enforce the order by imposing sentence in default.

૪૪. ઉપરોકત ચુકાદા અને કરેલ ચર્ચા ધ્યાને લેવામાં આવે અને જાતીય ગુના બાબતથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ની કલમ–૭ ના ભંગ બદલ કલમ–૮ ની જોગવાઈ તથા ઇ.પી.કો.કલમ– 354(A)(1)(i) ના ભંગ બદલ 354(A)(2) માં સજાની જોગવાઇ આપેલી છે, જે નીચે મુજબ છે.

**8. Punishment for sexual assault.—**

Whoever, commits sexual assault, shall be punished with imprisonment of either description for a term which shall not be less than three years but which may extend to five years, and shall also be liable to fine.

તેમજ

**354A. Sexual harassment and punishment for sexual harassment.—**

(1) A man committing any of the following acts--

(i) physical contact and advances involving unwelcome and explicit sexual overtures; or

(ii) ..., (iii) ... , (iv) ...

(2) Any man who commits the offence specified in clause (i) or clause (ii) or clause (iii) of sub-section (1) shall be punished with rigorous imprisonment for a term which may extend to three years, or with fine, or with both.

(3) ...

૪૫. ઉપરોકત રજુઆત, કરેલ ચર્ચા અને બનાવ, ભોગબનનારની ઉંમર ધ્યાને લેતા આરોપીને યોગ્ય સજા અને દંડ કરવો ન્યાયી છે અને તે દંડમાંથી પણ ભોગબનનારને વળતર અપાવવું ન્યાયી છે, જેથી કરેલ ચર્ચા ધ્યાને લેતા આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને ને ઇ.પી.કો. કલમ- 354(A)(1)(i) ના ભંગ બદલ 354(A)(2) ના ગુનામાં બે (૨) વર્ષની ની સખત કેદની સજા અને રૂા.૮૦૦૦/-(અંકે રૂપિયા આઠ હજાર પુરા) નો દંડ કરવો ન્યાયી છે અને જો દંડ ન ભરે તો વધુ છ (૬) માસની સાદી કેદીની સજા કરવી ન્યાયી છે.

૪૬. ઉપરોકત કરેલ ચર્ચાને ધ્યાને લેતા આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને ને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ની કલમ- ૭ના ભંગ બદલ કલમ-૮ ના ગુનામાં ચાર(૪) વર્ષની સખત કેદની સજા અને રૂા.૨૦,૦૦૦/- (અંકે

રૂપિયા વીસ હજાર પુરા) નો દંડ કરવો ન્યાયી છે અને જો દંડ ન ભરે તો વધુ નવ(૯) માસની સાદી કેદની સજા કરવી ન્યાયી છે.

૪૭. દંડમાંથી ભોગબનનારને રૂા.૧૪,૦૦૦/-(અંકે રૂપિયા ચૌદ હજાર પુરા) વળતર તરીકે ચુકવવા હુકમ કરવો ન્યાયી છે.

૪૮. ઉપરોકત હકીકતે વધુ જોવામાં આવે અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના અધિનિયમ ૨૦૧૨ ની કલમ-૩૩(૮) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના નિયમો-૯ ની જોગવાઇ ઘ્યાને લેતા ભોગબનનારને યોગ્ય વળતર અપાવવું ન્યાયી જણાય છે અને ભોગબનનાર સાથે જે ઉપરોકત ચર્ચા કર્યા પ્રમાણેનો બનાવ બનેલ છે અને આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને એ જે ઉપરોકત ગુનો કરેલ છે, તે જોતાં ભોગબનનાર અને તેના કુટુંબીજનોને માનસીક આઘાત પણ ખુબ જ પ્રમાણમાં લાગેલો હોય અને ભોગબનનાર સાથે જે કૃત્ય થયેલ છે, તેની અસર ભોગબનનારના મનમાં રહે અને ભોગબનનાર અને તેના કુટુંબીજનોને આ ગુનાહીત કૃત્યથી માનસીક યાતના ભોગવવી પડેલ છે, તેને ઘ્યાને લેતા અને ગુજરાત વિકટીમ કોમ્પનસેશન સ્કીમ ૨૦૧૯ની જોગવાઇનો હેતુ ઘ્યાને લેતા અને ભોગબનનાર બનાવ વખતે ૧૨ વર્ષ અને ૯ માસ ૬ દિવસની સગીર વયની બાળા હતી તે ઘ્યાને લેતા અને ભોગબનનાર સાથે જે ગુનાહીત કૃત્ય થયેલ છે, તેને ઘ્યાને લેતા

ભોગબનનારને રૂા.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પુરા) વળતરનાં જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચમાંથી મળે તે ન્યાયી છે અને તે માટે હુકમ કરવો ન્યાયી છે અને સાથે આરોપીને જે દંડ થાય તેમાંથી અડધી રકમ ભોગબનનારને અપાવવી ન્યાયી જણાય છે અને ભોગબનનારને કે તેના કુટુંબીજનોને આ બનાવ સબબ સરકારની અન્ય કોઇ પણ યોજનામાંથી જો વળતર મળેલ હોય તો તે રકમ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચ જે વળતર ચુકવે તે રકમમાંથી મજરે ગણવાની પણ રહે તેવો હુકમ કરવો ન્યાયી છે જેથી ન્યાયના હિતમાં ઉપરોકત કરેલ ચર્ચા રજુઆત અને પુરાવો ધ્યાને લેતા મુદા નં.૩ અંગે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## આખરી હુકમ

૪૯. પોકસો કેસ નં.૦૫/૨૦૨૨ ના આરોપી રોહીતભાઇ મોહનભાઇ પાચાન્ગને, ઉ.વ. ૩૦, રહે. ૧૩/૫, બિરલા કોપર ટાઉન્શીપ, લખીગામ, તા.વાગરા, જી.ભરૂચને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૩૫(૨) મુજબ ઇ.પી.કો. કલમ- 354(A)(1)(i) ના ભંગ બદલ 354(A)(2)ના શિક્ષાપાત્ર ગુનામાં બે (૨) વર્ષની સખત કેદની સજા અને રૂા.૮,૦૦૦/-(અંકે રૂપિયા આઠ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો છ(૬) માસની વધુ સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૫૦. પોક્સો કેસ નં.૦૫/૨૦૨૨ ના આરોપી રોહીતભાઈ મોહનભાઈ પાચાન્ગને, ઉ.વ. ૩૦, રહે. ૧૩/૫, બિરલા કોપર ટાઉન્શીપ, લખીગામ, તા.વાગરા, જી.ભરૂચને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૫(૨)ને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ–૭ ના ભંગ બદલ કલમ–૮ ના શિક્ષાપાત્ર ગુનામાં ચાર(૪) વર્ષની સખત કેદની સજા અને રૂ.૨૦,૦૦૦/– (અંકે રૂપિયા વીસ હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો વધુ નવ(૯) માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૫૧. આરોપી રોહીત મોહનભાઈ પાચાન્ગને ને કરવામાં આવેલ તમામ કેદની સજા એક સાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૫૨. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ આરોપી રોહીત મોહનભાઈ પાચાન્ગને એ જેટલો સમય કાચા કામના કેદી તરીકે આ કામે જેલમાં રહેલ હોય તે સમય આરોપીને કેદની સજામાંથી મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

૫૩. ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૩૬૩ મુજબ આ ચુકાદાની ખરી નકલ આરોપી રોહીત મોહનભાઈ પાચાન્ગને ને તાત્કાલીક પુરી પાડવી તેવો હુકમ કરવામાં આવે છે.

૫૪. આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને ને જે દંડ કરવામાં આવેલ છે તે દંડની રકમમાંથી અડધી રકમ રૂા.૧૪,૦૦૦/-(અંકે રૂપિયા ચૌદ હજાર પુરા) ભોગબનનારને વળતર તરીકે ચુકવવા.

૫૫. આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને દંડની રકમ જમા કરે તેમાંથી રૂા.૧૪,૦૦૦/-(અંકે રૂપિયા ચૌદ હજાર પુરા) ભોગબનનારને વળતર તરીકે નાઝીર, ડીસ્ટ્રીકટ કોર્ટ, ભરૂચે તુરત ચુકવી આપવા અને કરેલ કાર્યવાહીનો અત્રેની કોર્ટને તુરત રીપોર્ટ કરવો.

૫૬. આરોપી રોહીત મોહનભાઇ પાચાન્ગને ને કરેલ દંડમાંથી વળતર રૂા.૧૪,૦૦૦/-(અંકે રૂપિયા ચૌદ હજાર પુરા) ભોગબનનારને ચુકવવા હુકમ કરેલ છે તે બાબતે જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના નિયમો ૨૦૨૦ના નિયમ-૧૦ મુજબ કાર્યવાહી થાય તે માટે આ હુકમની જાણ સી.ડબ્લયુ.સી.,ભરૂચ અને વિ.સચિવશ્રી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચને કરવી.

૫૭. જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબત અધિનિયમ ૨૦૧૨ની કલમ-૩૩(૮) અને જાતીય ગુનાઓથી બાળકોના રક્ષણ બાબતના નિયમો-૯ની જોગવાઇઓ ધ્યાને લેતા ભોગબનનારને રૂા.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પુરા) વળતર તરીકે ચુકવવા.

૫૮. ભોગબનનારને જે વળતર આપવામાં આવે તેમાંથી ૮૦% રકમ ભોગબનનારના નામે પાંચ વર્ષ સુધી રાષ્ટ્રીકૃત બેંકમાં ફીકસ ડીપોઝીટ તરીકે રાખવી અને ૨૦% રકમ ભોગબનનારને તેના એકલાના બેંક ખાતા મારફત ચુકવવી.

૫૯. આ ચુકાદાની એક નકલ વિ.સચીવશ્રી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ,ભરૂચને તપાસ કરનાર અધિકારી તથા ભોગબનનાર તથા તેના વાલીને જાણ સારૂ તથા યોગ્ય તે કાર્યવાહી માટે મોકલવાનો હુકમ કરવામાં આવે છે અને ભોગબનનારને વળતર આપવાનો હુકમ કરેલ છે તે બાબતે ભોગબનનારે તુરંત જ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચની કચેરી, કોર્ટ બિલ્ડીંગ,ભરૂચ ખાતે સંપર્ક કરવો અને ડી.એલ.એસ.એ.ભરૂચમાંથી ભોગબનનારને હુકમ મુજબ તુરત વળતર ચુકવાઇ જાય તે ડી.એલ.એસ.એ. ભરૂચએ જોવું.

૬૦. ભોગબનનારને આ ગુનાના અનુસંધાને અગાઉ જો કોઈ સરકાર શ્રીની અન્ય યોજનામાંથી વળતર મળેલ હશે તો તે રકમ ઉપરોકત પેરામાં જણાવેલ વળતરમાંથી બાદ કરીને ભોગબનનારને વળતરની રકમ તુરત નિયત સમયમાં ચુકવવી.

૬૧. ઉપરોકત હુકમ મુજબ જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ, ભરૂચ તરફથી ભોગબનનારને વળતરની રકમ ચુકવાય તેની માહિતી તુરત અત્રે રજુ થાય તે સુપ્રીટેન્ડન્ટશ્રી, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ,ભરૂચે જોવું.

૬૨. ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ–૩૬૫ પ્રમાણે નામદાર ગુજરાત વડી અદાલતના તા.૨૨/૧૦/૧૯૮૦ના પરીપત્ર નં.૯૦૧/૮૦ પ્રમાણે આ ચુકાદાના આખરી હુકમની એક નકલ જિલ્લા મેજીસ્ટ્રેટ શ્રી, ભરૂચને મોકલવી.

૬૩. નામ.ગુજરાત હાઈકોર્ટના પરીપત્ર નં.સી.૨૬૨૩/૨૦૦૫, તા.૦૨/૦૯/૨૦૦૫ અન્વયે સંબંધીત પોલીસ સ્ટેશનના પી.આઈ.ને તથા સંબંધીત જેલ, ભરૂચને આ કામના તહોમતનામાની તથા હુકમની નકલ તુરત મોકલવી તેવો હુકમ કરવામાં આવે છે.

૬૪. આરોપીની સજાનું વોરંટ જેલરશ્રી ભરૂચ જેલને મોકલવું.

૬૫. આ હુકમની એક નકલ નાઝીર શ્રી, સેસન્સ કોર્ટ, ભરૂચને મોકલવી.

આ હુકમ આજરોજ તા.૦૮ મી મે સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહીથી જાહેર કર્યો.

તા.૦૮/૦૫/૨૦૨૬
ભરૂચ

(હિતેશ હરીલાલ ગાંધી)
ત્રીજા એડી. સેસન્સ અને
સ્પે. પોક્સો જજ, ભરૂચ.
(U.I.CODE-GJ00659)